રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઇ-ન્યૂઝલેટર અંક નં. ૨૧ જાન્યુઆરી-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ



## રાજકોટમાં ૭૧માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ગૌરવશાળી ઉજવણી

### માન. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો

### હેલિકોપ્ટરમાંથી પુષ્પ વર્ષા વચ્ચે લહેરાયો ત્રિરંગો

### માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રજાસત્તાક દિવસે નાગરિકોનું કર્યું અભિવાદન

### હજારો નાગરિકોએ ગણવેશધારી દળોની ગૌરવશાળી શિસ્તબધ્ધ કૂચને તાળીઓના નાદથી વધાવી લીધી

રાજકોટ, તા. ૨૬ જાન્યુઆરીએ માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ૭૧માં પ્રજાસત્તાક પર્વના મંગળ પ્રભાતે, પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સુરાવલીઓ અને ભારતીય વાયુદળના હેલિકોપ્ટ્રરમાંથી પુષ્પ પાંખડીઓની વર્ષા અને દેશભક્તિની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં રાષ્ટ્ર ધ્વજ ત્રિરંગો લહેરાવ્યો હતો. ગણતંત્ર દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્ર પ્રેમથી તરબતર હજારોની સંખ્યામાં રંગીલા રાજકોટના નગરજનો રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયાં હતા.

માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ત્યાર બાદ રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી એ ખુલ્લી જીપમાં પરેડનું નીરીક્ષણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના રાજકોટના આંગણે ગણતંત્ર પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્યના






જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરીને પ્રજાશક્તિને સહભાગીદાર બનાવવાના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી રાજકોટના આંગણે યોજાઇ હતી.

રાજકોટની નવ શાળાઓના ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓના વિશાળ વૃંદે આત્માની ચેતનાનું શારીરિક બળ સાથે ભારતીય યોગ પરંપરાના વારસારૂપ કરતબો, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને આ સમારોહમાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત ૧૧૦૦ વિદ્યાર્થીઓ દ્વારા યોગ નિદર્શન કરાયું હતું. સંસ્કારધામના બાળકોએ પાઇપલાઈન બેન્ડની કૃતિ પણ રજૂ કરી હતી.

૨૮ પ્લાટુનમાં ૯૨૨ જેટલા પોલિસદળના જવાનોએ આઇ.પી.એસ. અધિકારી અને પરેડ કમાન્ડન્ટશ્રી પ્રવીણકુમારના નેતૃત્વમાં પરેડ યોજી હતી. પોલીસ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચ પાસ્ટ) ગણવેશધારી ટૂકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદથી પોલીસ જવાનોની શિસ્તબધ્ધતાને વધાવી લીધી હતી. શ્વાન દળ અને પોલીસના મહિલા અને પુરૂષ મોટર સાઇકલ સવારો દ્વારા હેરતભર્યા કરતબો નિહાળી રાજકોટવાસીઓ મંત્રમુગ્ધ બન્યાં હતા.

પોલીસ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાઇફલ ડ્રીલ, હેરતભર્યા મોટર સાઇકલ સ્ટંટ શો, જુડો, કરાટે જીમ્નાસ્ટીક, ડોગ શો, અશ્વ શો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે રાજયસરકારના વિવિધ વિભાગો તથા રાજયની વિકાસયાત્રાની ઝાંખી કરાવતા અને શૈક્ષણિક સંસ્થાના ૨૫ ટેબ્લો રજૂ કરાયા હતા

પ્રજાસત્તાક પર્વની ઉજવણી સમયે ઉપસ્થિત રહેલા સ્વાતંત્ર્ય સેનાનીઓનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સન્માન કરી પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે પરેડમાં પ્લાટુન નં–૬ એસ.આર.પી. પુરૂષ પ્લાટુન નં–૨ પ્રથમ, બીજા ક્રમે પ્લાટુન નં–૧૬ સમસ્ત ગુજરાત પોલીસ મહિલા અને ત્રીજા ક્રમે પ્લાટુન નં–૨૨ એન.એસ.એસ. (શિક્ષણ) મહિલા/પુરૂષ આવતા રાજ્યપાલશ્રીના હસ્તે રનિંગ ટ્રોફી એનાયત કરાયા હતા.

જ્યારે ટેબ્લોમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો પ્રથમ ક્રમ, રમત–ગમત તથા યુવક સાંસ્કૃતિક વિભાગનો બીજો ક્રમ અને કૃષિ બાગાયત વિભાગના પ્રાકૃતિ ખેતિના ટેબ્લોનો ત્રીજો ક્રમ આવેલ.

મોટર સાયકલ સ્ટંટ શોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસકર્મી શ્રી કુંદનબેન પટેલ, શ્રી તેજસબેન વસાવા, શ્રી જયવંતસિંહ સોલંકી અને શ્રી જગદીશભાઇને રાજ્યપાલશ્રીએ સન્માનીત કર્યા હતા.

આ પ્રસંગે રાજકોટના માન. મેયર શ્રીમતી બિનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, મુખ્યમંત્રીશ્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલિબેન રૂપાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ડૉ. ભરતભાઈ બોધરા, શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડી. કે. સખિયા, શ્રી રાજુભાઈ ધ્રુવ, મુખ્યસચિવશ્રી અનિલ મુકિમ, પોલીસ મહાનિર્દેશક શ્રી શિવાનંદ ઝા, સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવશ્રી સંગીતાસિંઘ, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમાર, રાજકોટ પોલિસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, કલેક્ટરશ્રી રૈમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ રાણાવસિયા, અધિક નિવાસી કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા સહિત ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના લબ્ધપ્રતિષ્ઠિત નાગરિકોએ ઉપસ્થિત રહી રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીને પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.









# માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનો શુભેચ્છા સંદેશ



ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રના ૭૧માં ગણતંત્ર દિનના ગૌરવમય અવસરે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામના--ઓ પાઠવી હતી.

રાજ્યપાલશ્રીએ પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું કે, આજે આપણો દેશ પ્રગતિના પથ પર તેજ ગતિથી આગળ વધી રહ્યો છે ત્યારે ‘‘સૌનો વિકાસ’’ના કર્મ મંત્ર સાથે રાષ્ટ્ર અને રાજ્યની અવિરત વિકાસ યાત્રામાં સૌ નાગરિકો જોડાઇ મહત્વનું યોગદાન આપવા પ્રતિબધ્ધ બને.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે સૌના સહિયારા પ્રયાસોથી કલ્યાણ રાજ્યની સ્થાપના કરવાની દિશામાં નક્કર કદમ ઉઠાવ્યા છે. રાજ્ય સરકારે પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશલતાના પાયા પર સમતોલ અને સમગ્રતયા વિકાસ કરવાનો સેવાયજ્ઞ આરંભ્યો છે.

આજે દેશ પ્રગતિના પંથે ઝડપભેર આગળ વધી રહ્યો છે, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ કરી રહ્યો છે તેનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની સર્વસમાવેશક સર્વાંગી વિકાસનીતિને કારણે સ્વરાજ મળ્યા બાદ સુરાજ્યની પ્રતીતિ સૌ કોઇને થઇ રહી છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ સુરાજય અને સુશાનના સમન્વયની જન-જન ને અનુભૂતિ થઇ રહી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પારદર્શક અને પ્રમાણિક શાસનની પરંપરાને આગળ ધપાવી છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્ર કે પ્રદેશનો વિકાસ મહદ અંશે ત્રણ પરિબળો પર આધારિત હોય છે. દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશક્તિના સાક્ષાત્કારના ત્રણ પાયા ઉપર વિકાસની મજબૂત ઈમારત રચાતી હોય છે. ગુજરાતે આ ત્રણેય આયામોને આત્મસાત કર્યા છે. છેલ્લા એક વર્ષના સમયગાળામાં ગુજરાતે જનહિતની નવતર ઉંચાઇ હાંસલ કરી છે. ગુજરાત સરકારે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતન અને મંથન કર્યું છે, જેના પરિણામ સ્વરૂપ ગુજરાતે આજે કૃષિ, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રે સમગ્ર દેશમાં ઉડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે. ‘‘સૌનો સાથ-સૌનો વિકાસ’’ના સૂત્રને સાચા અર્થમાં આ પ્રગતિશીલ સરવકારે સાકાર કર્યું છે.

રાજ્યપાલશ્રીએ ગુજરાતની અવિરત વિકાસ યાત્રાને આગળ ધપાવવા નિષ્ઠાપૂર્વક સમર્પિત થવા આ પ્રસંગે સૌને હાર્દિક અનુરોધ કર્યો હતો.
































# રાજકોટમાં ૭૧માં પ્રજાસત્તાક પર્વની રાજકોટ મહાનગરપાલિકામાં ઉજવણી

## માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ૭૧માં પ્રજાસતાક પર્વની ઉજવણી પ્રસંગે રાષ્ટ્ર ધ્વજ સલામી સમારોહમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી તેમજ શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, વિરોધ પક્ષ નેતાશ્રી વશરામભાઈ સાગઠીયા, શાસક પક્ષ દંડક શ્રી અજયભાઈ પરમાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ડે. મ્યુનિ. કમિશનરશ્રી પ્રજાપતિ, સિંઘ, નંદાણી, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, સેનિટેશન સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેનશ્રી બાબુભાઈ આહીર, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન શ્રી શિલ્પાબેન જાવિયા, માર્કેટ સમિતિ ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, પ્લાનિંગ કમિટી ચેરમેન શ્રી અનીતાબેન ગોસ્વામી, માધ્યમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી અંજનાબેન મોરજરીયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, કોર્પોરેટરશ્રીઓ શ્રી મીનાબેન પારેખ, શ્રી જાગૃતિબેન ઘાડિયા, શ્રી સજુબેન કળોતરા સહિતના કોર્પોરેટરો તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ મ્યુનિ. સેક્રેટરીશ્રી હરીશ રૂપારેલીઆ, સિટી એન્જીનીયરશ્રી કામલીયા, આસી. કમિશનરશ્રી હર્ષદ પટેલ, પી.એ. ટુ કમિશનરશ્રી રવિન્દ્રસિંહ ચુડાસમા, પી.આર.ઓ.શ્રી ભુપેશ રાઠોડ, પી.એ. ટુ મેયરશ્રી કે. એચ. હિંડોચા, પી.એ. ટુ ચેરમેનશ્રી સી. એન. રાણપરા, પી.એ. ટુ ડે.મેયરશ્રી હસમુખ વ્યાસ, ચીફ ફાયર ઓફિસરશ્રી ઠેબા, ડી.વાય.એસ.પી.શ્રી ઝાલા, ચીફ એકાઉન્ટન્ટ સવજીયાણી, ડાયરેક્ટર આઈ.ટી. ગોહીલ, પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમાર, નાયબ ઈજનેર સોલંકી, આસી. મેનેજરશ્રી રામાનુજ, નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી પ્રજેશ સોલંકી, આસી. મેનેજરશ્રી અમિત ચોલેરા, શ્રી લખતરીયા, શ્રી રાજુભાઈ દૂધરેજિયા, શ્રી જયદિપસિંહ પરમાર તેમજ રાજકોટ મહાનગરપાલિકાની જુદી–જુદી શાખાના અધિકારી / કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.









ઇ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

## ૭૧મા ગણતંત્ર દિવસની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત



### માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે

# રૂા.૬૨૫ કરોડના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ-ખાતમુહૂર્ત

**રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા), રાજકોટ શહેર પોલીસ તથા પી.જી.વી.સી.એલ.ના પ્રોજેકટની આગેકુચ**

૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગર–પાલિકા, રાજકોટ શહેરી વિકાસ મંડળ (રૂડા), રાજકોટ શહેર પોલીસ તથા પી.જી.વી.સી.એલ.ના સંયુક્ત ઉપક્રમે તા.૨૫–૦૧–૨૦૨૦, શનિવાર સવારે ૯.૩૦ કલાકે રૂડા મેદાન, ઇસ્કોન મંદિર સામે, મોટામવા પાસે, કાલાવડ રોડ ખાતે રૂા.૬૨૫ કરોડના પ્રોજેકટના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, ધારાસભ્યશ્રીઓ શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પી.જી.વી.સી.એલ. એમ.ડી.શ્રી શ્વેતા ટીઓટીયા, રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, ડીવીઝનલ મેનેજર પશ્ચિમ રેલ્વેશ્રી પરમેશ્વર ફંકવાલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ, પૂર્વ ધારાસભ્યશ્રી ડૉ. ભરતભાઇ બોઘરા, જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ડી. કે. સખીયા, શ્રી નાગદાનભાઇ ચાવડા, જીલ્લા ભાજપ મંત્રીશ્રી ભાનુભાઇ મેતા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનિષભાઇ રાડીયા, લાઇટીંગ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જયોત્સનાબેન ટીલાળા, ડે. મ્યુનિ. કમિશનરશ્રી એ. આર. સિંઘ, શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી ચેતન નંદાણી તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, રાજય કક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી રંગે ચંગે થઇ રહી છે. પ્રજાસત્તાક પર્વ એટલે પ્રજાની સર્વ–પરીતા. વર્ષ ૧૯૫૦માં બંધારણ અમલમાં આવ્યું અને પ્રજાને મૂળભૂત અધિકારી પ્રાપ્ત થયા. સાથોસાથ રાષ્ટ્રીય ફરજો પણ આવી. રાજયના વિકાસની સાથે સાથે આપણા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી જુદા જુદા જિલ્લાઓમાં યોજી પ્રજાની અપેક્ષા, આકાંક્ષા પૂરી કરવા કરોડો રૂપિયાના જુદા જુદા વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરવામાં આવે છે. આજરોજ આશરે રૂા.૬૨૫ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલ. રાજકોટ વર્લ્ડકલાસ બને તે માટે રાજય સરકાર કામગીરી કરી રહી છે. રાજકોટમાં ઇન્ટરનેશનલ એરપોર્ટ, બસપોર્ટ, સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ, નવી જી.આઇ.ડી.સી. આ ઉપરાંત ડીસ્ટ્રીકટ કોર્ટ બનાવવાના ટેન્ડરો ફાઇનલ થઇ ગયા છે. રૂા.૧૫૦ કરોડના ખર્ચે ડીસ્ટ્રીકટ કોર્ટ બનશે. આ ઉપરાંત રાજકોટની પાણીની સમસ્યાના નિરાકરણ માટે આજી, ન્યારી ડેમને સૌની યોજના હેઠળ નર્મદાના નીરથી ભરેલા રખાશે. આજે રાજકોટ પાણીદાર રાજકોટ બની ગયેલ છે. આ ઉપરાંત રેસકોર્ષ–૨, અટલ સરોવર જેવા

**રાજકોટમાં શનિવારે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રૂા.૬૦૦ કરોડના વિકાસકામોને આપાચી લીલીઝંડી**

| કામની વિગત | રકમ રૂ. કરોડમાં |
|---|---|
| **રાજકોટ મહાનગરપાલિકા :** | |
| – વોર્ડ નં.૪માં મોરબી રોડ પર જુના જકાતનાકા પાસે કોમ્યુનિટી હોલનું લોકાર્પણ | ૨.૬૬ |
| – માધાપર ખાતે ૮૦ એમ.એલ.વી.નો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ | ૪૫.૭૫ |
| – એન્ટી હોકિંગ સિસ્ટમનું લોકાર્પણ | ૨.૫૭ |
| – સ્માર્ટ સિટી સિગ્નલ ATCS RLVDનું લોકાર્પણ | ૧૧.૧૭ |
| – વેસ્ટ ટે એનર્જી પ્રોજેકટનું ખાતમુહૂર્ત | ૧૩૫.૦૦ |
| – લક્ષ્મીનગર અન્ડરબ્રીજનું ખાતમુહૂર્ત | ૨૫.૦૦ |
| – ઓર્ગેનિક વેસ્ટ કન્વટરનું ખાતમુહૂર્ત | ૧.૩૫ |
| **રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) :** | |
| – કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડસ એટ આણંદપર વિલેજ એરીયાનું લોકાર્પણ | ૩.૩૯ |
| – કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ ઇન ટી.પી. ૧૦ મોટામવા(૧૮ મી. અને ૧૨ મી. રોડ)નું લોકાર્પણ | ૫.૫૮ |
| – કન્સ્ટ્રકશન ઓફ બીટ્યુમીનસ રોડ વાવડીથી કાંગશીયાળી સુધીનું લોકાર્પણ | ૧.૩૯ |
| – કન્સ્ટ્રકશન ઓફ બીટુમીન રોડ ટી.પી. ૩૬/૩, (પ્યુન સોસા.) ૨૫ વારીયા કવાર્ટર લોકાર્પણ | ૧.૨૩ |
| – સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂડાના ૨૪ ગામો માટે પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત | ૧૦૨.૯૯ |
| – પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ક્ષ્ઁઈત્રૠપ્રકારના ૭૨૮ આવાસોનું ખાતમુહૂર્ત | ૮૩.૮૭ |
| – બ્રીજ નં.૧ રીંગ રોડ–૨ હાઇલેવલ બ્રીજનું ખાતમુહૂર્ત | ૫.૨૭ |
| – બ્રીજ નં.૩ રીંગ રોડ–૨ હાઇલેવલ બ્રીજનું ખાતમુહૂર્ત | ૬.૧૯ |
| – બ્રીજ નં.૫ રીંગ રોડ–૨ હાઇલેવલ બ્રીજનું ખાતમુહૂર્ત | ૬.૪૧ |
| – અવધ અને ગોકુલ મથુરાના બિટુમીન કાર્પેટ રોડના કામનું ખાતમુહૂર્ત | ૮.૮૪ |
| – કાલાવડ રોડથી હરીપર ગામ વાઇન્ડીંગ અને સ્ટ્રેન્ધનીંગ રોડ બનાવવાનું ખાતમુહૂર્ત | ૧.૪૧ |
| – જામનગર રોડ થી એફ.એસ.આઇ. ગોડાઉન રોડ બીટુમીન કાર્પેટ અને સી.સી. રોડ બનાવવાનું ખાતમુહૂર્ત | ૩.૦૫ |
| **રાજકોટ શહેર પોલીસ :** | |
| – સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સાયબરકોત મેગ્જીન તથા આર્મર શોપ અને આવાસોનું ખાતમુહૂર્ત | ૨૨.૦૯ |
| **પી.જી.વી.સી.એલ. :** | |
| – રાજકોટ શહેરમાં ભૂમિગત કેબલનું લોકાર્પણ | ૬૯.૦૦ |
| – રાજકોટ જિલ્લામાં સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત સ્થપાયેલ સોલાર રૂફટોપ સિસ્ટમોનું લોકાર્પણ | ૨૧.૦૦ |
| – પીજીવીસીએલના ઇ–વ્હિકલ્સનું ફલેટ ઓફ | ૦.૪૦ |
| – પીજીવીસીએલ દ્વારા સામાજિક જવાબદારી (સીએસઆર) અંતર્ગત દૂર્ગાશક્તિને સ્કૂટી અર્પણ | ૦.૧૫ |

**રાજકોટમાં બની રહેલ નવા ૩૦૭૮ આવાસના ફોર્મનું ૧લી ફેબ્રુઆરીથી વિતરણ શરૂ કરવાની જાહેરાત કરતાઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી.**









પ્રોજેકટ આપેલા છે. આજી નદી વોકળાની ગટરની નદી નહી પરંતુ નિર્મળ નદી બને તે માટે આજી નદી રીવરફ્રંટની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ ઉપરાંત શહેરમાં થાંભલાઓ પર વાયરના ગૂંચાળાઓ ન રહે તે માટે અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ કામનું લોકાર્પણ કરવામાં આવેલ છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઘટે તે માટે રાજય સરકાર દ્વારા નવા પાંચ (૦૫) બ્રીજ બનાવવા રૂા.૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. અને તે માટે રૂા.૫૦ કરોડની એડવાન્સ ફાળવણી પણ કરી ચૂકેલ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા કહ્યું હતું કે, હાલ રાજકોટમાં ૩૦૭૮ આવાસોનું કામ ગતિમાં છે. ઘરવિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે હાથ ધરાયેલ આ યોજનામાં એલ.આઇ.જી. કક્ષાના ૧૨૬૮ અને એમ.આઇ.જી. કક્ષાના પણ ૧૨૬૮ તથા બાકીના અન્ય કેટેગરીના આવાસો માટેના ફોર્મનું તા. ૦૧ ફેબ્રુઆરીથી વિતરણ શરૂ કરવામાં આવશે. શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં અત્યંત કિંમતી જમીન ઉપર બની રહેલા આ શાનદાર આવાસો ગરીબ અને મધ્યમવર્ગના લોકોના જીવનમાં આનંદમય પરિવર્તન લાવશે.

આ પ્રસંગે પી.જી.વી.સી.એલ. દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે પોલીસ ડીપાર્ટમેન્ટમાં કામ કરતી દુર્ગા શક્તિ ટીમને રૂા.૧૫ લાખના ખર્ચે વાહનો અર્પણ કરાયા હતા. તેમજ પોલીસ વિભાગ માટે કુલ ૩૭ બુલેટ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય જણાવેલ કે, પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી માટે રાજકોટની પસંદગી થઇ એ માટે સર્વપ્રથમ તો રાજકોટ વતી, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો તથા રાજય સરકારશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

માત્ર ગુજરાતમાં પ્રગતીની એક અલગ જ પરિભાષા લખાઈ રહ્યાની પ્રતીતિ કરાવતી વિકાસ યાત્રા ના આપણા સૌના માન. નાયક એવા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના વરદ્ હસ્તે આજે શહેરના વિવિધ ફીલ્ડને આવરી લેતા જુદા જુદા પ્રોજેક્ટના રૂ.૫૫૬.૭૬ કરોડના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઇ રહ્યા છે. મને લાગે છે કે, રાજ્યના વિકાસને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાત અત્યારે દેશમાં વિવિધ ક્ષેત્રોમાં અગ્રીમ સ્થાન છે.

આ તકે હું રાજકોટની વાત કરું તો, માન. મુખ્યમંત્રીશ્રીના સતત સાથ સહકાર અને માર્ગદર્શનના સથવારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોજેકટ્સ રંગીલા રાજકોટની શાન વધારનાર પુરવાર થઈ રહ્યા છે અને વિકાસની દિશામાં રાજકોટ શહેરે ખુબ લાંબી છલાંગ લગાવી છે.

માન. મુખ્યમંત્રીશ્રી ખાસ એ બાબત પર ભાર મુકે છે કે, વિકાસ પ્રક્રિયા એવી હોય જે લોકોના જીવનધોરણમાં સુધારો લાવે અને તેમનો હેપિનેસ ઇન્ડેકસ ઉંચો આવે. રાજકોટ મહાનગરપાલિકા આ દિશામાં ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. શહેરીજનોને વિકાસના લાભો મળે તેવા સતત પ્રયાસો કરી રહી છે. પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણીનું યજમાન પદ રાજકોટને પ્રાપ્ત થવા બદલ હું રાજકોટને ખૂબ નસીબદાર માનું છું. રાષ્ટ્રીય પર્વની ઉજવણીના સથવારે અનેક પ્રોજેકટના માધ્યમથી વિકાસ યાત્રાને ધસમસતો વેગ મળેલ છે. તેમજ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં રાજકોટને અનેક વિકાસની ભેટો પણ મળેલ છે. અંતમાં હું એટલું કહીશ કે, પ્રજાસત્તાક પર્વ એક અલગ જ છાપ છોડી જાય તેવી શાનદાર અને ભવ્ય ઉજવણીમાં આપણે સૌ સામેલ થઈને રાજકોટને ગૌરવાંહિત કરીએ એવી અપેક્ષા સાથે વિરમું છું.



આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સ્વાગત પ્રવચન કરેલ. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીનું બુકે તથા સ્મૃતિચિહ્ન આપી મહાનગર–પાલિકાના પદાધિકારીશ્રીઓ તથા શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તેમજ મ્યુનિ. કમિશનર, જિલ્લા કલેકટર, પોલીસ કમિશનર, પી.જી.વી.સી.એલ.ના મેનેજિંગ ડિરેકટર તથા ઉપસ્થિત સરકારી અધિકારીશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું બુકેથી સ્વાગત કરવામાં આવેલ.



આ ઉપરાંત રૂડાના ૨૧ ગામના સરપંચો તથા તાલુકા પંચાયતના પૂર્વ સભ્યો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહાર અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવેલ. મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત શ્રી મનિષભાઈ રાડીયા, શ્રી અશ્વિનભાઈ ભોરણીયા તથા શ્રી જ્યોત્સનાબેન ટીલાળા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમનું આભારદર્શન ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ હતું.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

### ૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત

# રાજકોટમાં બહુઆયામી સૌરાષ્ટ્ર બૂક ફેર






## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે શ્રીગણેશ શુભારંભ

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ તા.૨૮-૧-૨૦ના રોજ ઉત્સાહભર્યા માહોલમાં રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે બહુઆયામી પુસ્તક મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રીએ પોતાની સંવેદનશીલ પ્રકૃતિની પ્રતીતિ કરાવતાં કહ્યું હતું કે રાજકોટ ખાતે થઇ રહેલી રાષ્ટ્રીય પર્વની ઉજવણી અન્વયે પુસ્તક મેળાના આયોજનથી સોનામાં સુગંધ ભળી છે. આ મેળામાં પ્રદર્શિત થનારા વિવિધ પુસ્તકોમાંથી કોઈપણ વર્ગનો વાચક પોતાની રૂચિ મુજબનું કશુંક તો પામી જ શકશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જે લોકશાહી પ્રજાશિક્ષિત હશે, તે પ્રજા જ સમૃદ્ધ લોકશાહીની સર્જક બનવા શક્તિમાન બનશે. આ માટે તેમણે પોતાના શાસક પસંદ કરવાની નાગરિકોની શક્તિના સ્ત્રોત તરીકે પુસ્તકોના મહત્વ પર ભાર મુક્યો હતો.

જીવન ઘડતરમાં પુસ્તકોનું પ્રદાન અમૂલ્ય હોવાનો મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ પુસ્તક મેળામાં સાનંદ સ્વીકાર કર્યો હતો. અને પુસ્તક વાંચનને પરિણામે પોતાના જીવનમાં થયેલા સત્વશીલ પરિવર્તનની ટૂંકી ગાથા પણ આલેખી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ભવિષ્યના ભારતના નિર્માણ માટે આ પુસ્તક મેળો સીમાચિહ્નરૂપ સાબિત થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. અને પુસ્તકોથી થતા અપ્રત્યક્ષ લાભો પર પ્રકાશ પાડતાં કહ્યું હતું કે, આજના યુવાનોને વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં, ઉમદા ચારિત્ર્યનું નિર્માણ કરવામાં, જ્ઞાન સંવર્ધનમાં અને શિક્ષીત-દીક્ષીત બનવામાં આ પુસ્તક મેળો મહત્વનો સાબિત થશે.

પુસ્તક મેળામાં ઉપસ્થિત યુવાનોને આહવાન કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, અત્રે ઉપસ્થિત યુવાનો આ મેળામાંથી પોતાના પરિવારના તમામ સભ્યો માટે એક-એક પુસ્તક ખરીદે તો ભવિષ્યની પેઢી તેમની સદા ઋણી રહેશે. આ પુસ્તક મેળા દરમ્યાન યોજાનારા વિવિધ વિષયો પરની વ્યાખ્યાન શ્રેણી, સમૂહ ચર્ચા, પરિસંવાદ વગેરેનો લાભ લેવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શહેરીજનોને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતેના તેમના ભૂતકાળના સંસ્મરણો ભાવુક સ્વરે વાગોળ્યા હતા. જાણીતા ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાએ છાત્રોના જીવનમાં અભ્યાસ અને વાંચનનું મહત્વ સમજાવતાં વિવિધ પૌરાણિક દ્રષ્ટાંતો ટાંકયા હતા. વિદ્યાર્થીકાળમાં અભ્યાસેતર પ્રવૃત્તિઓ અને સદવાંચન થકી ઉચ્ચ ભવિષ્યના નિર્માણ માટે પ્રવૃત્ત થવા તેમણે યુવા છાત્રોને હાકલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાાણીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટમાં થઇ રહેલી રાજયકક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધર્મેન્દ્રસિંહજી કોલેજ કેમ્પસના પટાંગણમાં સૌરાષ્ટ્ર બૂક ફેર અને લિટરેચર ફેસ્ટિવલનાં શ્રી ગણેશ થયા હતા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રથમ ડોમ પાસે રીબીન કાપી પુસ્તક મેળાનો શુભારંભ કરાવ્યો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સ્વિમિંગ પુલ અને ઇન્ડોર શૂટિંગ રેન્જનું ડિજિટલ તકતી અનાવરણ વડે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા આમંત્રિતોના હસ્તે દીપ પ્રાગટ્યથી પુસ્તક મેળાનો વિધિવત શુભારંભ થયો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીતિનભાઈ પેથાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ પુસ્તક મેળાના આયોજનની રૂપરેખા અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં કાર્યરત વિવિધ લાઈબ્રેરીઓની આંકડાકીય વિગતો આપી હતી.

ગુજરાત સરકારના વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત તા.૨૫ થી ૨૯ જાન્યુઆરી દરમિયાન તરવરાટ સાહિત્ય સંધ્યા, શબ્દ સંવાદ અને એન્ટરપ્રિન્યોર સાથે વાર્તાલાપ, સર્જન વર્કશોપ અને બાળકોને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે. આ બુક ફેરમાંથી રાજકોટવાસીઓ વિખ્યાત પ્રકાશકોના અંદાજે ૨૫૦થી વધુ બુકસ્ટોલ--માંથી વિવિધ વિષયોને લગતા પુસ્તકો મેળવેલ. આ બુકફેરની લાઈવ અપડેટ www.saurashtrabookfair.in વેબસાઈટ ઉપરથી તેમજ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના ઓફિશિયલ પેજ પરથી અપલોડ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય, શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા અને શ્રી અરવિંદભાઈ રૈયાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી અંજલિબેન રૂપાણી, શ્રી કમલેશભાઈ મીરાણી, કલેકટરશ્રી રેમ્યા મોહન, શહેર પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સીન્ડીકેટ તથા સેનેટ સભ્યો, વિવિધ ભવનોના વડાઓ, છાત્રો તથા મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારદર્શન ડૉ. રામાનુજે કર્યું હતું.



ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

## ૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત




# જુના ગીતોનો કાર્યક્રમ સુરીલી શામ રાષ્ટ્ર કે નામ

૨૬ જાન્યુઆરી ૨૦૨૦ પ્રજાસતાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અનુલક્ષીને તા.૨૪-૦૧-૨૦૨૦ના રોજ રાત્રે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિરાણી હાઇસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે જુના ગીતોનો કાર્યક્રમ સુરીલી શામ રાષ્ટ્ર કે નામ યોજાયો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, ડીડીઓશ્રી અનિલ રાણાવસિયા, રૂડાના સીઈઓશ્રી ચેતન ગણાત્રા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, લાઈટીંગ કમીટી ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બોલીવૂડ સિંગર કવિતા મૂર્તિ, મનીષા કરંદીકર, બેલા સુલેખે, આનંદ વિનોદ, સલીમ માલિક, નિતાંત યાદવ, સંજય સાવંત વિગેરે એ બોલીવુડના વર્ષ ૧૯૩૦થી શરૂ કરી વર્ષ ૧૯૮૦ના દાયકા સુધીના વિવિધ ગીતો જેવા કે, અચ મેરી જોહરાજબી, ઓ બસંતી પવન રે પાગલ, યે રાત યે ચાંદની ફિર કહાં, તેરી મહેફિલમે કિસ્મત, ઝુમતા મૌસમ મસ્ત મહિના, અજીબ દસ્તા યે હે કહાં શુરૂખાં ખતમ, મહેમા જો હમારા હોતા હે વોહ જો જાન સે પ્યારા હોતા હે, અફસાના લીખ રહી હું દિલ એ બેકરાર કા, કભી કભી મેરે દિલ મે ખયાલ આતા હે, એક પ્યાર કા નગમા હે મોજો કી રવાની હે, તથા નુરજહાં નું યાદગીર ગીત આવાઝ દે કહાં દુનિયા મેરી જવાં હે, રાજકોટ રંગીલું શહેર છે, લેકે પહેલા પહેલા પ્યાર, ઓ મહેબુબા, ઉડે જબ જબ ઝુલ્ફે તેરી, જવાં હે મુહબ્બત વિગેરે જેવા જુના ગીતોની રમઝટ બોલાવેલ. આ ઉપરાંત કે.એલ. સાયગલ જેના લીજેન્ડરી સિંગરના ગીતો ગાતા નિતાંત યાદવ પંકજ મુલીકના ગીતો પણ રજુ કરી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરેલ હતા.

આ કાર્યક્રમમાં ઉદ્‌બોધન કરતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, અગાઉ ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમો પાટનગર ખાતે જ યોજાતા જેના કારણે લીમીટેડ લોકો જ તેનો લાભ લઈ શકતા, પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાટનગરમાં કાર્યક્રમો કરવાને બદલે દરેક જિલ્લામાં કાર્યક્રમો યોજવાનું શરૂ કર્યું. જેનાથી દરેક જિલ્લાની પ્રજાને કાર્યક્રમનો લાભ મળતો થયો. આ વખતે પ્રજાસત્તાક પર્વના કાર્યક્રમ રાજકોટ શહેરમાં ઉજવાય છે તે માટે લોકોને ધન્યવાદ. રાજકોટની જનતા તમામ કાર્યક્રમો ખુબ આનંદથી માણે અને ખરા અર્થમાં કાર્યક્રમ સફળ થાય તે જરૂરી છે. પ્રજા માટે પ્રજા વડે પ્રજાનું શાસન ખરા અર્થમાં અમલ બને તે જરૂરી છે અને તે માટે જ પ્રજાસત્તાક દિન મહત્વનો છે. લોકો પ્રથમ રાષ્ટ્ર માટે જીવે રાષ્ટ્ર મરે તેવી રાષ્ટ્ર ભક્તિ ઉદભવે આપણું રાષ્ટ્ર મહાસત્તા બને અને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નયા ભારતની કલ્પના સાકાર થાય એ જ અપેક્ષા.

સંવિધાન ચેતના યાત્રા-૭૧ સાઈક-–લીસ્ટો વતી તેમના પ્રતિનિધિ ભારતસિંહ પરમારનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પત્રિકા આપી સન્માન કરાયેલ. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે કરેલ. આભારદર્શન ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ.





માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન





**૭૧માં ગણતંત્ર દિવસની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત**

# કાર્નિવલ

## રેસકોર્સ રિંગ રોડના લાઈટિંગ પોલ પર કાયમી લાઈટિંગ

## રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઉદ્દઘાટન



૨૬ જાન્યુઆરી ૨૦૨૦ પ્રજાસતાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૪-૦૧-૨૦૨૦ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે કાર્નિવલ તેમજ લાઈટિંગ પોલ પર કાયમી લાઈટિંગનું ઉદ્દઘાટન ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ. આ પૂર્વે માન. મુખ્યમંત્રીશ્રી તેમજ પદાધિકારીશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીશ્રીઓએ ફ્લાવર શોની મુલાકાત પણ લીધી હતી.

આ કામગીરી આશરે લાઈટિંગ રૂ.૨૨ લાખના ખર્ચે કરવામાં આવી છે. કુલ ૮૫ પોલ ચાર પ્રકારની ડેકોરેટીવ મોટીફ લાઈટિંગ ડીઝાઈનથી સુશોભિત થયેલ છે. જે શહેરીજનોનું આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર ડૉ.જૈમનભાઈ ઉપાધ્યાય, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, લાઈટિંગ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા, જિલ્લા કલેક્ટરશ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડક શ્રી અજયભાઈ પરમાર જુદી જુદી કમિટીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.






માન.મુખ્યમંત્રીશ્રીએ ફ્લાવર શોની મુલાકાત પણ લીધી

આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલ. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા મ્યુનિસિપલ કમિશનર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનું બુકેથી સ્વાગત કરવામાં આવેલ. સેલ્ફ ફાઈનાન્સ શાળાના સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરેલ. શાળાના ૧૫૮૦૦ વિદ્યાર્થીઓએ અગાઉ દેશભક્તિના ગીતો ગાયેલ જયારે આ વખતે ૨૧૦૯૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ. જે દેશભક્તિના ગીતોનો રેકોર્ડ તરફ છે. તેમજ મુખ્યમંત્રીશ્રીએ તમામ બાળકોને સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારાની કડી ગાઈ સમુહમાં તમામ બાળકોને રાષ્ટ્રગીતનું પણ ગાન કરાવેલ.

રેસકોર્સ રિંગ રોડ ફરતે વિવિધ સ્થળોએ બનાવવામાં આવેલા સ્ટેજ પર જુદી જુદી શાળાના છાત્રો દ્વારા દેશના અલગ અલગ રાજ્યોના કલ્ચર મુજબના સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરવામાં આવેલ. માન.મુખ્યમંત્રીશ્રીએ બહુમાળી ભવન ચોક ખાતેથી શરૂ કરી ખુલ્લી જિપમાં આખા રિંગ રોડ ઉપર ફરીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો અને અભિવાદન ઝીલ્યું હતું. તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

## ૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત




માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન












# ફ્લાવર-શો કમ ગાર્ડન એક્ઝિબીશન

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત તા.૨૪-૦૧-૨૦૨૦ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે રેસકોર્સના શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસેના ગાર્ડનમાં ફ્લાવર-શો કમ ગાર્ડન એક્ઝિબીશન રાજ્યના માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ખુલ્લો મુકેલ. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, પૂર્વ ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, બાગ બગીચા અને ઝૂ કમિટી ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી બાબુભાઈ આહિર, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, માર્કેટ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ચેરમેનશ્રી પ્રીતિબેન પનારા, કોર્પોરેટર શ્રી દુર્ગાબા જાડેજા સહિતના ઉપસ્થિત રહેલ.

આ ફલાવર-શોમાં રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકોને અવનવા ફૂલ છોડ, વન અને પર્યાવરણ સંબંધી ખાસ કરીને વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે અત્યંત ઉપયોગી બની રહેલ. આ ફ્લાવર શોમાં વિવિધ પ્રકારના આકર્ષણ હયાત ચીજવસ્તુઓ વિગેરેને ધ્યાને રાખી કરવામાં આવેલ. અંદાજે ૭૦ પ્રકારના ફૂલછોડ, ફોલીયેઝ (રેઈનબો ઈફેક્ટ) પ્લાન્ટસ સર્કસ, હેંગીંગ પ્લાન્ટસ તેમજ ફલાવર્સના પીલર વિગેરેથી સુશોભન કરવામાં આવેલ છે.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે આ ફ્લાવર શોમાં ચરખો કાંતતા મહાત્મા ગાંધીની કૃતિ, મીઠાના સત્યાગ્રહ, દાંડીકુચ, મહાત્મા ગાંધીના આફ્રિકાના પ્રવાસ (ટ્રેજેડી)ના સ્કલ્પચર્સ સાથોસાથ આયુર્વેદા વન (હનુમાનજીની પ્રતિમા) સાથોસાથ ફલાવર શોના મુખ્ય આકર્ષણોમાં ફ્લાવર ડોલ (ચણીયા ચોલી), હાર્ટ, મોર, ઘડો (કુંભ), હાર્ટ સાઈન, સાઈકલ ફ્લાવર્સથી સુશોભન, હેંગીંગ બાસ્કેટ, હેંગીંગ પોર્ટ વિગેરે રાખવામાં આવેલ.

યુવા વર્ગ પોતાની તંદુરસ્તી જાળવી રાખે અને ખેલકુદને પ્રેરણા મળે તેવા રમત ગમતના સાધનોમાં ક્રિકેટ, ફૂટબોલ, બેડમીટન જેવી રમતોના સાધનોની મોટી પ્રતિમાઓને ફૂલોથી સજાવટ કરવામાં આવેલ. આ ઉપરાંત બગીચાના પ્લોટને લગત પીલર્સ તેમજ ફ્લાવર સ્ટેન્ડમાં બાસ્કેટ દ્વારા હેંગીગ કરવામાં આવેલ.

દેશભરમાં પર્યાવરણ ઉજવણી તેમજ સ્વચ્છતાલક્ષી બાબતોમાં રાજકોટ અગ્રેસર હોઈ, સ્વચ્છતા તેમજ પ્લાસ્ટિક વપરાશ ઘટાડો અને તેને વિપરીત અસરોને તાદાત્મય આપવાના ભાગરૂપે પ્લાસ્ટિક/કાગળની બેગ વપરાશની કૃતિઓ, સાથો સાથ વેસ્ટમાંથી બેસ્ટમાં ઘર વપરાશની જૂની ચીજવસ્તુ (કપડા, અન્ય ચીજવસ્તુ) માંથી તેના સુશોભન અને ફૂલછોડથી સજાવટ કરવામાં આવેલે. માનવ જીવનની પાયાની જરૂરિયાત પાણી. દિવસે ને દિવસે પ્રદુષિત થતા જાય છે. અને તેનું મહત્વ સમજાવતા ફ્લોટ બોટ વિગેરે બનાવવામાં આવેલ. આ ફ્લાવર શોની સાથોસાથ આધ્યાત્મિકતાને પણ મહત્વ આપતા બુદ્ધ ભગવાનની પ્રતિમા મુકવામાં આવી હતી. સાથોસાથ એન્ટીક કાર-સ્કુટર ડિસ્પ્લેમાં મુકવામાં આવેલ. શહેરનું પર્યાવરણ સુધરે તેમજ તેનું મહત્વ સમજાવતા અર્બન ફોરેસ્ટ અને મિરર થીમના આકર્ષણો ઉભા કરવામાં આવેલ. આ ફ્લાવર શોની સાથોસાથ શહેરના નગરજનોને ગાર્ડન ડેવલોપમેન્ટ અને સુશોભન માટે ગાર્ડન નર્સરી, એસેસરીઝ તેમજ વિવિધ વેરાયટીના ગાર્ડન ઓર્નામેન્ટલ પ્લાન્ટસના નર્સરી, વન્ય પેદાશ, અને સરકારશ્રીના સાહસોના એકમોના સ્ટોલ રાખવામાં આવેલ. સાથોસાથ રંગીલા રાજકોટવાસીઓ માટે ફૂડસ્ટોલ રાખેલ.

ઇ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ








## નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ્ હસ્તે

# કલેક્ટર કચેરી ખાતે આધુનિક જન સેવા કેન્દ્રનું લોકાર્પણ :

# જનભાગીદારીથી બનેલ રાષ્ટ્ર ધ્વજ 'ફ્લેગ ઓફ યુનિટી'નું અનાવરણ

૭૧માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અન્વયે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના હસ્તે રાજકોટની કલેક્ટર કચેરી ખાતે આધુનિક જનસેવા કેન્દ્રનું લોકાર્પણ અને જનભાગીદારી દ્વારા જાપાનીઝ કલા ઓરેગામીપમાંથી બનેલ અનોખા રાષ્ટ્રધ્વજ ફલેગ ઓફ યુનિટીનું અનાવરણ તા.૨૪-૧-૨૦ના રોજ કરાયું.

આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલએ પ્રજાસત્તાક પર્વની રાજકોટવાસીઓને અભિનંદ પાઠવી જણાવ્યું હતું કે, અમારી સરકાર પ્રજાલક્ષી વિકાસકામો કરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી રહી છે. વિશિષ્ટ પ્રકારના હજારો કાગળથી બનેલ રાષ્ટ્રધ્વજને બનાવનાર કલાકાર અને કલેક્ટરશ્રીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ જનસેવા કેન્દ્રના ઉદઘાટન કર્યા બાદ તેની મુલાકાત લીધી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવપૂર્વક કહ્યું કે પ્રજાના કામો ઝડપથી થાય તે માટે જન સુવિધા કેન્દ્ર ખૂબ ઉપયોગી રહેશે. પ્રજાની સત્તા હોય તે પ્રજાસત્તાક રાષ્ટ્ર છે. બંધારણમાં આપણે અનેક અધિકારો પ્રાપ્ત થયા છે. જેના દ્વારા સરળતાથી પ્રજાને તેમના હક્કો મળે છે. સમગ્ર રાજકોટવાસીઓ પ્રજાસત્તાક પર્વમાં ઉત્સાહભેર ભાગ લઇ રહ્યાં છે.

કલેકટરશ્રી રેમ્યા મોહને શાબ્દીક સ્વાગત બાદ જણાવ્યું હતું કે, સૌથી મોટો ફ્લેગ આપણે બનાવીને રેકોર્ડ માટેના પ્રયાસો થઇ રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ઈવેન્ટ અંતર્ગત જાપાનીઝ કલા Origmi પથના ઉપયોગથી ૪૦,૫૭૩ કાગળના ટૂકડાઓને ગુંદર કે પીન જેવા કોઇ પદાર્થ/સાધનનો ઉપયોગ વગર જ એકબીજા સાથે જોડી રાષ્ટ્રધ્વજનું નિર્માણ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટનું નિર્માણ આર્ટિસ્ટશ્રી વિરાજકુમારી જાડેજાના પ્રતિનિધિત્વમાં કરવામાં આવેલ છે જેમણે અંદાજે ૪૨ હજાર




જેટલા ટુકડાઓ સાંકળી રાષ્ટ્રધ્વજનું નિર્માણ કરવામાં ૨૦૦ કલાક જેટલા સમયનું યોગદાન આપેલ છે. Flag of Unity નું કદ ૯.૯૯ ફૂટ ૬૬.૬૬ ફૂટ છે તેમજ તે ૧૨.૩૮૨ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવે છે. આ અદ્વિતીય રાષ્ટ્રધ્વજના નિર્માણમાં શાળાના બાળકો, દિવ્યાંગ તેમજ મનો દિવ્યાંગ બાળકોથી લઈ, વિધવા બહેનો, NCC કેડેટસ, CISF, પૂર્વ સૈનિકો તેમજ તેમના પરિવારો, બ્રહ્મા કુમારીઝ વિવિધ સામાજિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ તેમજ રાજકોટ મધ્યસ્થ જેલના કેદી ભાઇઓ/બહેનો મળી કુલ ૨૬ હાજરથી વધુ લોકોએ ૧000 વધુ માનવ કલાકોની ભાગીદારી નોંધાવી છે. જે તેના નામે Flag of Unity ને સાર્થક કરે છે. અને આપણા દેશની એકતા અને અખંડિતતાની ભાવનાને ઉજાગર કરે છે.

કલેકટરશ્રીએ વધુમા જણાવ્યુ હતું કે, સંપૂર્ણ વાતાનુકુલીત એવા નવનિર્મિત જનસેવા કેન્દ્ર ખાતે વન-ડે ગવર્નન્સ (એક જ દિવસમાં ઉપલબ્ધ તમામ સેવાઓ) એક જ સ્થળેથી ઝડપથી મળી રહેશે. આ જનસેવા કેન્દ્ર ખાતે અરજીઓનો ૨૪ કલાકમાં ત્વરીત કાર્યવાહી સાથે નિકાલ કરવામાં આવશે. જેથી લોકોને જુદી જુદી મામલતદાર કચેરીઓએ જવું નહીં પડે. ૧૭ કાઉન્ટર અને આધારકાર્ડના ખાસ બે કાઉન્ટર સાથે કાર્યરત આ આધુનિક જનસેવા કેન્દ્ર મામલતદાર કચેરી ખાતે ઉપલબ્ધ વન-ડે ગવર્નન્સ ઉપરાંત અન્ય સેવાઓ જેવીકે ઈલેકશન સ્માર્ટકાર્ડ, ગામના નમુના નં.૭/૧૨, ૮-અ ના ઉતારા, ઈ-સ્ટેમ્પીંગના દાખલાઓ કાઢી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે નાના બાળકો સાથે આવનાર મહિલાઓની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ખાસ બેબી કેરની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રમકડાંઓથી સુસજ્જ હશે. આર્ટીસ્ટશ્રી વિરાજકુમારી જાડેજાનું નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા સન્માન કરાયું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જનસેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. બાળકોએ દેશભક્તિના સાંસ્કૃતિ કાર્યક્રમો રજૂ કર્યા હતા. વિવિધ યોજનાના લાભાર્તીઓને નાયબ મુખ્યમંત્રી શ્રીએ વિવિધ પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, મેયર શ્રી બિનાબેન આચાર્ય, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી લાખાભાઇ સાગઠિયા, શ્રી અરવિંદભાઇ રૈયાણી, અગ્રણી શ્રીમતી અંજલિબેન રૂપાણી, શ્રી કમલેશભાઇ મિરાણી, શ્રી ડી. કે. સખિયા, શ્રી રાજુભાઇ ધ્રુવ, નિવાસી અધિક કલેકટરશ્રી પરિમલ પંડ્યા સહિતના અધિકારી, પદાધિકારી તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા.



**૭૧માં પ્રજાસત્તાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત**




# માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે રૂા.૧૨૮.૯૦ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

પ્રજાસત્તાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત તા.૨૪-૧-૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા શિક્ષણ વિભાગના અંદાજે રૂા.૧૨૮.૯૦ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત રાજ્યના માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે સંપન્ન થયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, રાજકોટ જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, એસ્ટેટ સમિતિ ચેરમેનશ્રી પ્રીતિબેન પનારા, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન શ્રી વિજયાબેન વાછાણી, સેનિટેશન સમિતિ ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, પીડીયુ હોસ્પિટલ વિભાગીય નાયબ નિયામક ડૉ. રૂપાલી મહેતા, રોજગાર તાલીમ વિભાગના નાયબ નિયામકશ્રી મનીષ દવે, માર્ગ મકાન વિભાગના અધિક્ષક ઈજનેરશ્રી એમ. પી. ત્રિવેદી, ગવર્નમેન્ટ એન્જીનિયરિંગ કોલેજના પ્રિન્સીપાલશ્રી આર. એ. ઠક્કર તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલએ જણાવેલ કે, ૨૬ જાન્યુઆરીની ઉજવણી સમગ્ર રાજકોટ જિલ્લામાં થઇ રહી છે. વિવિધ વિકાસ કામો હાથ ધરાયા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જુદા જુદા જિલ્લામાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાનો સિલસિલો શરૂ કરાવેલો. મારું પર્વ છે, મારું કાર્ય છે એવી લાગણી લોકોમાં જન્મે અને લોકો રાષ્ટ્રીય પર્વમાં સામેલ થાય એવો ઉમદા હેતુ હતો. અહીં આશરે રૂા.૧૨૮ કરોડના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવેલ છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી દ્વારા રાજયની નગરપાલિકા અને મહાનગરપાલિકાને કરોડો રૂપિયા આપવામાં આવેલ છે. શહેર માટે એક અને જિલ્લા માટે બે અધિકારી મહત્વના હોય છે. સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે કડી એવા કલેકટર, ડી.બી.ઓ., અને મ્યુનિસિપલ કમિશનર સરકાર અને વહીવટી તંત્ર સાથે ચુંટાયેલી પાંખનું અસરકારક સંકલન રહે છે તેનાથી રાજકોટમાં ઠેરઠેર વિકાસ કામો દેખાઈ છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂા. ૧ હજાર કરોડથી વધુ વિકાસ કામો કરાવ્યા છે. ગત વર્ષે બજેટમાં રૂા.૨.૦૪ લાખ કરોડ વિવિધ યોજનાઓ માટે ફાળવવામાં આવેલ. લોકો સુધી તેના લાભ પહોચાડ્યા છે. લોકોના કરવેરાની રકમનો અમે સદ્ઉપયોગ કરીએ છીએ. ગાંધીજીના સિધ્ધાંત ટ્રસ્ટીશિપ મુજબ અમે કર્તવ્ય બજાવીએ છીએ. સૌની યોજના હેઠળનો છેલ્લો ફેઈઝ-૩નો તબક્કો ચાલી રહ્યો છે. ખેતી, પશુપાલન, પીવા માટે શુધ્ધ પાણી પહોંચાડાયું છે. મોટા ભાગના ગામડામાં રસ્તા બનાવેલ છે. શિક્ષણ વિભાગમાં કુલ ૧ કરોડ છાત્રો છે. તેમાં દર ૬ એ ૧ ગુજરાતી છે. લોકોની આરોગ્યની સેવા માટે મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના તબીબો તથા સ્ટાફના મહેકમને મંજૂરી આપવામાં આવેલ છે. હવે તાત્કાલિક ભરતી થશે. જિલ્લામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, ડીસેલીનેશન પ્લાન્ટ અંદર દરિયાના ખારા પાણીને મીઠું પાણી બનાવવાના ૬ પ્રોજેક્ટ મંજુર કર્યા છે.

આ કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૧૮માં રૂા.૩.૬૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ કોઠારીયા સ્ટેશન પ્રાથમિક શાળા તથા વોર્ડ નં.૦૬માં યુવરાજનગર દલિત સ્મશાન ખાતે પ્રાર્થના હોલ, વોર્ડ નં.૦૮ નાના મવા મેઈન રોડ પર રૂા.૯.૪૦ કરોડના ખર્ચે મ્યુનિસિપલ સ્ટોર અને શાળા માટેનું સંયુક્ત બિલ્ડીંગ, અમૃત મિશન હેઠળ ન્યારી-૧ ડેમ ઈન્સ્પેક્શન બંગલા પાસે રૂા.૧.૬૧ કરોડના ખર્ચે ડેવલોપમેન્ટ ગાર્ડન તથા લેન્ડ સ્કેપિંગ કરવાનું કામ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રૂા.૬.૬૫ કરોડના ખર્ચે ખરીદ કરવામાં આવેલ ૬ સ્વીપર મિશન અને ૪૯ ટીપરવાન, પ્રધુમન પાર્ક ઝૂ ખાતે રૂા.૧.૩૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ ઈન્ટરપ્રીટેશન સેન્ટરમાં વિવિધ ગેલેરીઓ, વોર્ડ નં.૦૫માં સ્વામી વિવેકાનંદ સ્વિમિંગ પૂલની અંદર રૂા.૧.૨૫ કરોડના ખર્ચે તૈયાર થનાર જિમ્નેશિયમ, આ ઉપરાંત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂા.૨૦.૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી કર્મચારીઓ માટે ૧૦૮ ક્વાર્ટર, શિક્ષણ વિભાગ દ્વારા રૂા.૫.૭૯ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ ખાતે એનેક્ષી બિલ્ડીંગ, તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂા.૧.૮૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ વેક્સીન સ્ટોર તથા આરોગ્ય અને તબીબી સેવાઓની રાજકોટની કચેરીના બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવેલ.

આ ઉપરાંત વોર્ડ નં.૦૩માં રૂા.૭૫ લાખના ખર્ચે તૈયાર થનાર શ્રી વીર લાલા હરદયાળ પ્રાથમિક શાળા નં.૪૦ના બિલ્ડીંગ, વોર્ડ નં.૧૬માં રૂા.૪૧.૫૦ લાખના ખર્ચે તૈયાર થનાર વોર્ડ ઓફિસ, વોર્ડ નં.૦૪માં લક્ષ્મણ પાર્ક મેઈન રોડમાં ફૂટપાથ ઉપર પેવિંગ બ્લોક નાખવાના રૂા.૧.૮૫ કરોડના કામ, વોર્ડ નં.૧૩માં રૂા.૨.૭૭ કરોડના ખર્ચે તૈયાર થનાર શ્યામાપ્રસાદ મુખર્જી શાળા નં.૬૯, વોર્ડ નં.૦૧ એનિમલ હોસ્ટેલમાં ઢોર ડબ્બા માટે શેડનું બાંધકામ તથા મેટલીંગ કરવાનું કામ તેમજ વોર્ડ નં.૦૯માં રૈયા ચોક પાસેના સર્વિસ રોડ સાઈડમાં પેવિંગ બ્લોકનું રૂા.૧.૬૫ કરોડના ખર્ચે થનાર કામ, વોર્ડ નં.૧૨માં બોક્ષ કલવર્ડ તેમજ વોર્ડ નં.૦૮માં અમીન માર્ગ ૧૫૦ ફૂટ રીંગ રોડ કોર્નર પર હોકર્સ ઝોન બનાવવાનું રૂા.૧.૩૭ કરોડના ખર્ચે થનાર કામ, તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા માધાપર ચોકડી ખાતે રૂા.૬૦.૯૯ લાખના ખર્ચે તૈયાર થનાર ફ્લાય ઓવરબ્રિજ, રૂા.૭ કરોડના ખર્ચે યુનિવર્સિટી રોડ, બી. ટી. સવાણી હોસ્પિટલ પાસે દીવ્યંગો માટેની આઈ.ટી.આઈ. બનાવવાનું કામનું ખાતમુહૂર્ત સહિત કુલ રૂા.૧૨૮.૯૦ કરોડના કામનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અનુસંધાને સમગ્ર રાજકોટમાં ઉત્સાહભર્યો માહોલ સર્જાયો છે. આજરોજ રાજ્યના માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે રૂા.૧૨૮.૯૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે કાર્યક્રમની રૂપરેખા આપતા સ્ટે. કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડએ જણાવ્યું હતું કે, રાજકોટ ખાતે ૨૬મી જાન્યુઆરીનો ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ આપવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આ પ્રસંગે શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ કરેલ. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓ તમેજ મ્યુનિસિપલ કમિશનર કલેકટર ઉપરાંત જુદા જુદા વિભાગોના અધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ તેમજ આત્મીય યુનિ. દ્વારા પણ નાયબ મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરેલ. ઉપરાંત મનીષભાઈ રાડીયા, અશ્વિનભાઈ ભોરણીયા, પ્રીતિબેન પનારા તથા વિજયાબેન વાછાણી દ્વારા મંચસ્થ તમામ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત કરેલ. આ કાર્યક્રમનું આભારદર્શન બાંધકામ કમિટી ચેરમેન મનીષભાઈ રાડીયાએ કરેલ.

## રાજકોટ મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા શિક્ષણ વિભાગના પ્રોજેકટ

| કામની વિગત | રકમ રૂા. કરોડમાં |
|---|---|
| **રાજકોટ મહાનગરપાલિકા :** | |
| – વોર્ડ નં.૩માં સર્વ શિક્ષા અભિયાન શાળાનું ખાતમુહૂર્ત | ૦.૭૫ |
| – વોર્ડ નં.૧૬માં વોર્ડ ઓફિસ બનાવવાનું ખાતમુહૂર્ત | ૦.૪૨ |
| – વોર્ડ નં.૫માં જીમનું લોકાર્પણ | ૧.૨૫ |
| – વોર્ડ નં.૪માં ફૂટપાથ તથા પેવીંગ બ્લોક, મેટલીંગનું ખાતમુહૂર્ત | ૧.૮૫ |
| – વોર્ડ નં.૧૩માં શાળા નં.૬૩ના નવા મકાનનું ખાતમુહૂર્ત | ૨.૭૭ |
| – વોર્ડ નં.૧માં ઢોર ડબા, મેટલીંગ અને પેવીંગ બ્લોકનું કામ તથા વોર્ડ નં.૯માં પેવીંગ બ્લોકનું ખાતમુહૂર્ત | ૧.૬૫ |
| – વોર્ડ નં.૧૨માં બોકસ કલવર્ટ, વોર્ડ નં.૮માં હોકર્સ ઝોન તથા પેવીંગ બ્લોકનું ખાતમુહૂર્ત | ૧.૩૭ |
| – વોર્ડ નં.૧૮માં શાળાના મકાનનું તથા વોર્ડ નં.૬માં સ્મશાનમાં પ્રાર્થના હોલનું લોકાર્પણ | ૩.૬૨ |
| – નાનામવા રોડ પર સ્કૂલ તેમજ સ્ટોરનું લોકાર્પણ | ૯.૫૦ |
| – ન્યારી ડેમ ગાર્ડનનું લોકાપૃણ | ૧.૬૧ |
| – ૬ સ્વીપર મશીન અને ૪૯ ટીપર વાનનું લોકાર્પણ | ૬.૬૫ |
| – પ્રદ્યુમન પાર્કમાં ઈન્ટરપ્રિટેશન સેન્ટરનું લોકાર્પણ | ૧.૩૬ |
| **માર્ગ અને મકાન વિભાગ :** | |
| – સરકારી કર્મચારીઓ માટેના ૧૦૮ કવાર્ટરનું લોકાર્પણ | ૨૦.૪૦ |
| – માધાપર ખાતે ફલાય ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત | ૬૦.૯૯ |
| – યુનિવર્સિટી રોડ, બી.ટી. સવાણી હોસ્પિટલ ખાતે દિવ્યાંગો માટેની આઇ.ટી.આઇ. | ૭.૦૦ |
| **શિક્ષણ વિભાગ :** | |
| – સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ ખાતે એનેક્ષી બિલ્ડીંગનું લોકાર્પણ | ૫.૭૯ |
| – સ્માર્ટ કલાસનું લોકાર્પણ (નવનીત અને ટી.સી.એસ.) | ૦.૧૦ |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ :** | |
| – વેકસીન સ્ટોર તથા આરોગ્ય અને તબીબી સેવાઓની રાજકોટની કચેરીના બિલ્ડીંગનું લોકાર્પણ | ૧.૮૨ |
| **કુલ રૂા.** | **૧૨૮.૯૦** |



**‘ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી દ્વારા રાજયની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને કરોડો રૂપિયા આપવામાં આવેલ છે. રાજકોટમાં પણ ઠેરઠેર વિકાસ કામો દેખાઈ રહ્યો છે. રૂા. ૧ હજાર કરોડથી વધુ વિકાસ કામો કરાવ્યા છે. ગત વર્ષે બજેટમાં રૂા.૨.૦૪ લાખ કરોડ વિવિધ યોજનાઓ માટે ફાળવવામાં આવેલ અને લોકો સુધી તેના લાભ પહોચાડ્યા છે. ’**

**- શ્રી નીતિનભાઈ પટેલ**
**માન. નાયબ મુખ્યમંત્રીશ્રી**

# રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીની ઉપસ્થિતિમાં નારી સંમેલન



## ૭૧માં પ્રજાસત્તાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ–૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત તા.૨૩–૦૧–૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહિલાઓના સામાજિક પ્રશ્નોના નિરાકરણ અંતર્ગત નારી અદાલતની સમજ/મહિલા સશક્તિકરણ અને મહિલા વિષયક યોજનાઓની જાણકારી મળી રહે તેવા શુભ હેતુથી નારી સંમેલનનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ગુજરાત મહિલા આયોગના માન. અધ્યક્ષ શ્રી લીલાબેન આંકોલીયા, માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલિબેન રૂપાણી તથા અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રી ભાનુબેન બાબરીયા તથા મુખ્ય મહેમાન તરીકે જાણીતા એડવોકેટ માન.જાગૃતિબેન દવે તથા જાણીતા તબીબ ડૉ.દર્શનાબેન પંડ્યા ઉપસ્થિત રહેલ, તેમજ આ પ્રસંગે શીશુ કલ્યાણ અને અગ્નિશામક દળ કમિટી ચેરમેનશ્રી રૂપાબેન શીલુ, રાજકોટ મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી પ્રજાપતિ સાહેબ તથા બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ગુજરાત મહિલા આયોગના માન. અધ્યક્ષશ્રી લીલાબેન આંકોલીયાએ જણાવેલ કે, ગુજરાત સરકાર મહિલાઓ માટે હંમેશા જાગૃત રહી છે. પછી ભલે કાયદો હોય કે પછી આર્થિક વ્યવસ્થા હોય રાજ્ય સરકાર હંમેશા આગળ રહી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મહિલાઓની નાનામાં નાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી છે. હાલની સરકાર કાયદાકીય રીતે મહિલાઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. તમે જોઈ શકો છો આજની નારી પુરૂષોની સાથે કદમથી કદમ મિલાવીને આગળ વધી રહી છે. અંતરીક્ષ પાર કરનાર સમગ્ર ભારતની પ્રથમ મહિલા આપણા ગુજરાતની જ હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર જો મહિલાઓની આટલી ચિંતા કરતા હોય તો આપણે સૌએ સાથે મળીને આભાર માનવો જોઈએ.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણીએ જણાવ્યું હતું કે, આજની નારીએ કોઈથી ડરવાનું નથી. સરકાર ડગલે ને પગલે તેમની સાથે છે. તમે આગળ વધો સરકાર તમારી ચિંતા અંગે કરશે અને તમને સાથ સહકાર આપશે. રાજ્ય સરકાર દ્વારા સ્ત્રી સશક્તિકરણ માટે સતત ભાર મૂકી તેઓના પ્રશ્ન સંદર્ભ સતત પ્રયત્નશીલ છે. તેમજ સ્ત્રીઓને પગભર કરવા સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

# ૩૧ કલાક નોન સ્ટોપ કરાઓકે આધારિત ગીત સંગીતનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો

## રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ, ચિત્રનગરી દ્વારા ભવ્ય આયોજન

રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ – ચિત્રનગરી દ્વારા પ્રજાસતાક પર્વ નિમિતે ૩૧ કલાક સળંગ નોન સ્ટોપ કરાઓકે આધારિત ગીત સંગીત નો કાર્યક્રમ સૂરોકી સલામી સફળતાપૂર્વક પૂર્ણ થયેલ. આ કાર્યક્રમ તા.૧૮–૦૧–૨૦૨૦ સાંજે ૬:૦૦ કલાકથી તા.૧૯–૦૧–૨૦૨૦ રાત્રિ ના ૧ વાગ્યા સુધી ચાલ્યો હતો.

તા.૧૮–૦૧–૨૦૨૦ સાંજે ૬:૦૦ વાગ્યે આ કાર્યક્રમનું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયા, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ, મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ – ચિત્રનગરીના શ્રી જીતુભાઈ ગોટેચા, શ્રી મીનલબેન સોનપાલ, ડે. કમિશનર શ્રી એ. કે. સિંઘ, સિટી એન્જિનિયર શ્રી કે. એસ. ગોહેલ, આસી. કમિશનર શ્રી એચ. આર. પટેલ, ડૉ. રાજેશ તૈલી, આસી. મેનેજર શ્રી અમિત ચોલેરા, વગેરે ઉપસ્થિત રહયા હતાં.

આ અવસરે ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરીએ તેમના પ્રંસગોચિત ઉદ્બોધનમાં એમ કહ્યું હતું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ ખાતે યોજાઈ રહેલા વિવિધ કાર્યક્રમોમાં નોનસ્ટોપ સળંગ ૩૧ કલાક સુધી કરાઓકે આધારિત ગીત સંગીતના કાર્યક્રમના આયોજન બદલ રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ–ચિત્રનગરી અભિનંદનના હક્કદાર છે. રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ થઇ રહેલી આ ઉજવણી અનુસંધાને રાજકોટ શહેર અને જિલ્લામાં રૂા.૧૧૦૦ કરોડથી વધુના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર છે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ –ચિત્રનગરી દ્વારા આયોજિત કરાઓકે આધારિત નોનસ્ટોપ ૩૧ કલાકનો ગીતસંગીતનો આ કાર્યક્રમ કાંઈક અનોખો છે. જેમાં સમાજના વિવિધ વર્ગના સંગીત ચાહકો ભાગ લઈ દેશભક્તિ અને અન્ય ગીતો રજુ કરી એકતાની અનુભૂતિ કરાવી રહયા છે. આ પ્રોગ્રામનો ઉદ્ધેશ સામાજિક એકતા વધુ મજબુત બનાવવાનો છે. કરાઓકે સંગીતનું કઠીન સ્વરૂપ છે, જેમાં ગાયકે એકએક સૂર અને તાલ પર ધ્યાન




કેન્દ્રિત કરવું પડે છે અને ત્યારે જ તેમાં પરફેક્શન આવે છે. પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સગર્ભા બહેનો માટે ગર્ભ સંસ્કારનો એક સાન અનોખો કાર્યક્રમ પણ યોજાયો છે. આ ઉપરાંત વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ થનાર છે.

સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયાએ એમ કહ્યું હતું કે, આ કરાઓકે પ્રોગ્રામનું આયોજન રાજકોટ મહાનગરપાલિકા માટે ગૌરવની વાત છે. રાજકોટમાં પ્રજાસતાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી બદલ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર વ્યક્ત કરીએ છીએ.

ડેપ્યુટી કમિશનર શ્રી એ. કે. સિંઘ અને આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી જયમિનભાઈ ઠાકર દ્વારા પણ ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એડીશનલ કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત હતા. આ ૩૧ કલાકના કાર્યક્રમમાં સૌથી કઠિન સમય રાત્રિ ૨ થી સવાર ના ૬ સુધી ચિત્રનગરીના શિવમ અગ્રવાલ તથા એના ગ્રૂપ દ્વારા સફળતા પૂર્વક પૂરો કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રિક્ષાવાળા, શાકભાજીના ફેરિયા સહિત રાજકોટના અગ્રણીય ડોકટર્સ, ઉદ્યોગપતિ, એડવોકેટ, વેપારીઓ તથા નોનપ્રોફેશનલ ગાયકોએ ભાગ લીધેલ હતો. આ પ્રોગ્રામને સફળ બનાવવા રાજકોટ મહાનગરપાલિકા ના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપરાંત મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટના સર્વશ્રી રશેષભાઈ વ્યાસ, સુરેશભાઈ રાવલ, જયશ્રીબેન રાવલ, સીમાબેન અગ્રવાલ, શિવમ અગ્રવાલ, મૌલિક ગોટેચા, મુકેશભાઈ વ્યાસ, હેમાબેન વ્યાસ, શ્રેયસભાઈ તન્ના , ગૌરવ ખીરૈયા, હાર્દિક તન્ના, હરદેવસિંહ વાઘેલા, ફેની સૂચક, ચંદ્રકાંતભાઈ ગોલવાળા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

## ૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત



# તારે જમી પર

## મનોદિવ્યાંગ બાળકો માટે યોજાયો કાર્યક્રમ







૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મનોદિવ્યાંગ બાળકો માટે કાર્યક્રમ તારે જમી પરનું આયોજન તા.૨૦–૧–૨૦ના રોજ મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાણાવસિયા, રૂડાના સી.ઈ.ઓ.શ્રી ચેતન ગણાત્રા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, બાંધકામ કમિટી ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયા, આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, પ્લાનિંગ કમિટી ચેરમેનશ્રી અનીતાબેન ગોસ્વામી, માધ્યમિક શિક્ષણ અને આનુષાંગિક શિક્ષણ કમિટી ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયા, એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ચેરમેનશ્રી પ્રીતિબેન પનારા, કાયદો અને નિયમો કમિટી ચેરમેનશ્રી શિલ્પાબેન જાવિયા, નાયબ કમિશનરશ્રી એ. આર. સિંઘ, શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી ચેતન નંદાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બોલતા કાર્યક્રમના અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલએ જણાવેલ કે, વર્ષો પહેલા ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્રતા પર્વ કે ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ કે ગાંધીનગર ખાતે થતી હતી જેને મુઠ્ઠીભર લોકો માણી શકતા પરંતુ હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક નવો જ ચીલો ચાતર્યો અને દર વર્ષે આ બંને પર્વની ઉજવણી રાજ્યના જુદા જુદા જિલ્લાના મુખ્ય મથકોએ લોકોને સાથે રાખી ઉજવણી કરવાનું શરૂ કર્યું. આજે સમાજના એવા લોકો માટે કાર્યક્રમ યોજાયો છે કે જેને કુદરતે કંઈક ખોટ આપી છે કંઈક અન્યાય કર્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જે સ્કુલમાં શિક્ષણ લીધેલું ત્યાં આ કાર્યક્રમ યોજાયો છે.

કુદરતે જે બાળકોને કંઈક ખોટ આપી છે તેની સામે કંઈક દિવ્યશક્તિ પણ આપી છે. જેના કારણે આવા બાળકો શહેર, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લેતા થયા છે.

આ કાર્યક્રમ દિવ્યાંગ બાળકોમાં ચેતના જગાવવાનો કાર્યક્રમ છે. આવા બાળકો માટે કામ કરતી સંસ્થાઓને ખુબ ખુબ ધન્યવાદ છે કે જે બાળકોના ઉત્થાન માટે કામ કરે છે. તેઓ નિસ્વાર્થપણે અને પોતાની જવાબદારી ન હોવા છતા પણ જવાબદારી પૂર્ણ કામ કરે છે.

આ પ્રસંગે કાર્યક્રમની રૂપરેખા આપતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ જણાવેલ કે, આ ધરતીનો દરેક બાળક આ જમીન પર તારા છે. આજે શહેરની ૧૨ જેટલી નામાંકિત સ્કુલના બાળકો આ મનોદિવ્યાંગ બાળકો માટે મનોરંજનસભર વિશિષ્ટ કાર્યક્રમ રજુ કરનાર છે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતું. જ્યારે મહેમાનોનું પુસ્તકથી સ્વાગત શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું અને ભાગ લેનાર સંસ્થાના પ્રતિનિધિઓ અને બાળકોનું મોમેન્ટો આપી મંચસ્થ મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે રાજકુમાર કોલેજના બાળકો દ્વારા પંજાબી ડાન્સ, પી. વી. મોદી સ્કુલના બાળકો દ્વારા રાજસ્થાની ડાન્સ, જય ઈન્ટરનેશનલ સ્કુલના બાળકો દ્વારા સ્વચ્છ ભારત તથા ફિટનેસ ફંડા થીમ પર ડાન્સ કરવામાં આવેલ, ધોળકિયા સ્કુલના બાળકો દ્વારા વ્યસન મુક્તિ માટે લઘુ નાટિકા રજુ કરવામાં આવેલ, ડૉ. ઝાકીર હુસેન પ્રાથમિક શાળા નં.૯૧ના બાળકો દ્વારા વંદે માતરમ ગીત આધારિત ડાન્સ કરવામાં આવેલ, નિર્મલા કોન્વેન્ટ સ્કુલના બાળકો દ્વારા બુદ્ધા ડાન્સ, સરોજીની નાયડુ ગર્લ્સ સ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા તલવાર રાસ, ન્યુ એરા સ્કુલના વિદ્યાર્થી દ્વારા વાગ્યો રે ઢોલ ભાઈ વાગ્યો રે ઢોલ તથા સહેલી મોરી રે ગીત આધારિત રાસ રજુ કરવામાં આવેલ, તથા શ્રી શ્રી રવિશંકર સ્કુલની શિક્ષિકાઓ દ્વારા કૃતિ રજુ કરવામાં આવેલ. આ કાર્યક્રમ માણવા માટે પ્રયાસ, સ્નેહ નિર્ઝર સંસ્થા, જીનિયસ સ્કુલ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ચલાવવામાં આવતા સર્વ શિક્ષા અભિયાનના બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓસમાણ મીર પ્રસ્તુત ભવ્ય લોકડાયરો યોજાયો

રાજકોટ ખાતે ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી થઇ રહેલ છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે ઓસમાણ મીર તથા સાથી કલાકારો દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજ્યનાં મહિલા અને બાલ કલ્યાણ વિભાગના માન. મંત્રી શ્રી વિભાવરીબેન દવેનાં વરદ્ હસ્તે કરેલ.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઈ કોઠારી, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, કોર્પોરેટર શ્રી નીતિનભાઈ રામાણી, શ્રી શૈલેષભાઈ ડાંગર, શ્રી વિજયભાઈ ટોળીયા, શ્રી કેતનભાઈ વાછાણી, શ્રી ધીરૂભાઈ તરાવિયા, વોર્ડ નં.૦૨ પ્રમુખશ્રી અતુલભાઈ પંડિત, વોર્ડ નં.૦૭ પૂર્વ પ્રમુખશ્રી જીતુભાઈસેલારા, સ્વામિનારાયણ ચોક વેપારી એસોસિએશન પ્રમુખશ્રી બાલાભાઈ બોળીયા, શ્રી વાલાભાઈ બોરીચા, શ્રી નારણભાઈ બોળીયા, શ્રી વજુભાઈ લુણશિયા, શ્રી યોગેશભાઈ ભુવા, શ્રી ભરતભાઈ બોરીચા, શ્રી નરસિંહભાઈ પટોળીયા, શ્રી અજીતસિંહ ઝાલા, શ્રી પૃથ્વીસિંહ જાડેજા, શ્રી લખન સિધ્ધપુરા, શ્રી વિમલ ડાંગર, શ્રી જોષી અદા, શ્રી દિવ્યેશ પીપડીયા, શ્રી વિશાળ પરમાર, શ્રી રમેશ ભાલસરા, શ્રી ભરતભાઈ પાંભર, શ્રી મેહુલભાઈ રાઠોડ, શ્રી ભાવસિંગભાઈ રાઠોડ, શ્રી યોગેશભાઈ સોની, શ્રી ઉદય ભટ્ટ, શ્રી મુકેશભાઈ સોજીત્રા, શ્રી અતુલભાઈ વણપરીયા, શ્રી સંજયભાઈ વસોયા, શ્રી દિલીપભાઈ વાગડિયા, શ્રી મનોજ બોરીચા, શ્રી રમેશ ટોળીયા, શ્રી જયેશ બોરીચા, શ્રી હિરેન ડોડીયા, સાગર ટેઈલરશ્રી રમેશભાઈ, શ્રી રતાભાઈ બોળીયા, શ્રી મંગળાબેન સોઢા, શ્રી લીલાબા ભંડેરી, શ્રી દક્ષાબેન આહીર, શ્રી સુરેશભાઈરાઠોડ વિગેરે શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચનશ્રી નીતિનભાઈ રામાણી દ્વારા કરવામાં આવેલ. તથા રાજ્યનાં મહિલા અને બાલ કલ્યાણ વિભાગના માન. મંત્રી શ્રી વિભાવરીબેન દવેનું અભિવાદન પુષ્પગુચ્છથી સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયા, વોર્ડ નં.૧૩ કોર્પોરેટરશ્રી નીતિનભાઈ રામાણી વોર્ડ અગ્રણીશ્રી શૈલેષભાઈ ડાંગરએ કરેલ. મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત વોર્ડ પ્રમુખશ્રી વિજયભાઈ ટોળીયાએ કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા રાજ્યનાં મહિલા અને બાલ કલ્યાણ વિભાગના માન. મંત્રી શ્રી વિભાવરીબેન દવેએ કરેલ હતું. તેમજ આ કાર્યક્રમની આભારવિધિ સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયાએ કરેલ.







દીપ પ્રાગટ્ય રાજ્યનાં મહિલા અને બાલ કલ્યાણ વિભાગના માન. મંત્રી શ્રી વિભાવરીબેન દવેનાં વરદ હસ્તે કરાયું.

## ૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત




# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોતાના ‘અનસંગ હીરોઝ’નું બહુમાન

૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ – ૨૦૨૦ની રાજય કક્ષાની ઉજવણીના રોજ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનસંગ હીરોઝ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેન શ્રી બાબુભાઈ આહીર, પ્લાનિંગ કમિટી ચેરમેનશ્રી અનીતાબેન ગોસ્વામી, માધ્યમિક શિક્ષણ કમિટી ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયા, સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, કાયદો અને નિયમો કમિટી ચેરમેનશ્રી શિલ્પાબેન જાવિયા, કોર્પોરેટરશ્રી દુર્ગાબા જાડેજા, નાયબ કમિશનરશ્રી એ. કે. સિંઘ, શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી ચેતન નંદાણી તેમજ જુદા જુદા વિભાગના અધિકારીઓ /કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજે જણાવેલ કે, જેનો કોઈને કદી વિચાર પણ નો આવ્યો હોય તેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજકોટ મહાનગરપાલિકાનું નામ રોશન કરવામાં મહત્વનું યોગદાન આપનાર પાયાના પથ્થર સમાન કર્મચારીઓ અનસંગ હીરોઝ એટલે કે અનામી નાયકોનું સન્માન કરવું એ એક અનેરી વાત છે. રાજકોટ મહાનગર––પાલિકાને અલગ પ્રકારનું અને આગવું સ્થાન આપવામાં યોગદાન આપવા બદલ તેઓ અભિનંદનને પાત્ર છે. ભૂગર્ભ ગટર, રસ્તા તથા શહેરની સફાઈ વિગેરે કામની વાતો થતી પરંતુ તેમાં મહત્વનું યોગદાન આપનાર પાયાનો સ્ટાફ ભૂલાતો હતો. રાજકોટ મહાનગરપાલિકાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેકવિધ એવોર્ડ મળેલ છે. તે પાયાના સ્ટાફની મહેનતને આભારી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે રાજકોટ મહાનગર––પાલિકા અત્યારે નં.૦૧ છે. જયારે સફાઈમાં પણ તાજેતરમાં નં.૦૨ મેળવેલ છે. આ બધું આ કર્મચારીઓને આભારી છે.

આ પ્રસંગે મહાનગરપાલિકાના તમામ અધિકારી કર્મચારીની કામગીરીને બિરદાવતા કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ જણાવેલ કે, આજે જેઓનું સન્માન કરવામાં આવ્યું તે એક પ્રતીકાત્મક છે. બાકી તો રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારી કર્મચારીઓ સન્માન મેળવવા યોગ્ય છે અને આ તમામની કામગીરીથી અમને ઘણો ગર્વ છે. જયારે શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર દ્વારા મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ અંતર્ગત જુદી જુદી શાખાના કુલ ૨૭ કર્મચારીઓનું મોમેન્ટો તથા સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવેલ હતું. આ સન્માન બાદ રાજકોટના જ નાટ્ય કલાકાર મનીષભાઈ પારેખ તથા સાથી કલાકારો દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓની કામગીરીઓનો ચિતાર આપતી લઘુ નાટિકા ‘‘અનસંગ હીરોઝ’’ રજુ કરવામાં આવેલ હતું જેને ઉપસ્થિત તમામ એ ખુબ સારી રીતે માણ્યું હતું.

આ લઘુ નાટિકા બાદ ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા તથા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ તથા તમામ મહાનુભાવો દ્વારા મહાનગર––પાલિકાના અધિકારી/કર્મચારીઓની કામગીરી અંગે સુંદર પ્રતિભાવ આપવામાં આવેલ અને આધીકારી/ કર્મચારીઓ આભાર દર્શન કરેલ.

> **‘રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજકોટ મહાનગર––પાલિકાનું નામ રોશન કરવામાં મહત્વનું યોગદાન આપનાર પાયાના પથ્થર સમાન કર્મચારીઓનું સન્માન કરતા અમો હર્ષ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.’**
>
> – શ્રી નીતિનભાઈ ભારદ્વાજ
> અગ્રણીશ્રી, પ્રદેશ ભાજપ

## ‘અનસંગ હીરો’ માટેની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | શાખાનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી સુધીરભાઈ મગનભાઈ ગોહિલ | મજુર | આવાસ ટેકનીકલ |
| ૨ | શ્રી રામજીભાઈ દામજીભાઈ મકવાણા | મજુર | આવાસ યોજના વિભાગ |
| ૩ | શ્રી ચતુરભાઈ નાથાભાઈ ચૌહાણ | મજુર | સાંસ્કૃતિક વિકાસ વિભાગ |
| ૪ | શ્રી મનસુખભાઈ ટાભાભાઈ વાઘેલા | ટીપરવાન ડ્રાઈવર | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| ૫ | શ્રી મીઠાભાઈ માવજીભાઈ નૈયા | સફાઈ કામદાર | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| ૬ | શ્રી શંકરભાઈ ચનાભાઈ ઝાલા | સફાઈ કામદાર | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| ૭ | શ્રી અમરસિંહભાઈ ચૌહાણ | મજુર | સ્માર્ટ સિટી સેલ |
| ૮ | શ્રી દિલીપભાઈ ભાણજીભાઈ ઝીંઝુવાડીયા | જેસીબી ડ્રાઈવર | બાંધકામ શાખા (સેન્ટ્રલ ઝોન) |
| ૯ | શ્રી હિતેશ પરસોત્તમભાઈ ટીમાણીયા | આસી. ફિટર | વોટર વર્કર્સ (સેન્ટ્રલ ઝોન) |
| ૧૦ | શ્રી વીરમભાઈ પથુભાઈ ઉદેશા | પાઈપલાઈન કામના કારીગર | બાંધકામ શાખા (વેસ્ટ ઝોન) |
| ૧૧ | શ્રી સુજાનસિંહ માનસિંહ ગોહેલ | જેસીબી ડ્રાઈવર કમ ઓપ. | બાંધકામ શાખા (ઈસ્ટ ઝોન) |
| ૧૨ | શ્રી હિરેન મનોજભાઈ ચૌહાણ | જુનિયર કલાર્ક | હિસાબી શાખા |
| ૧૩ | શ્રી ભરતગીરી ગજરાજગીરી અપારનાથી | જુનિયર કલાર્ક | એસ્ટેટ વિભાગ |
| ૧૪ | શ્રી કિંજલકુમાર પ્રફુલભાઈ મારું | મજુર | દબાણ-હટાવ શાખા |
| ૧૫ | શ્રી મનોજ બાબુભાઈ વજકાણી | સાઈટ સુપરવાઈઝર/માળી | બગીચા શાખા |
| ૧૬ | શ્રી પરસોત્તમભાઈ લાખાભાઈ માવદિયા | ઝૂ એનિમલ કીપર | પ્રાણી સંગ્રાહલય શાખા |
| ૧૭ | શ્રી સોહિલ હસનભાઈ ચુવાણ | ઝૂ એનિમલ કીપર | પ્રાણી સંગ્રાહલય શાખા |
| ૧૮ | શ્રી દિપ્તીબેન આગરીયા | સમાજ સંગઠક | પ્રોજેકટ શાખા |
| ૧૯ | શ્રી પોપટભાઈ લખમણભાઈ રાઠોડ | પટ્ટાવાળા | આઈ.ટી. વિભાગ |
| ૨૦ | શ્રી મહેન્દ્રભાઈ રણછોડભાઈ મુંદડીયા | જુ.કલાર્ક કમ કોમ્પ્યુ.ઓપ. | વેરા-વસુલાત શાખા(સેન્ટ્રો ઝોન) |
| ૨૧ | શ્રી રાજેશ ઈચ્છાશંકર ભટ્ટ | લાઈનમેન | રોશની શાખા |
| ૨૨ | શ્રી લલીતભાઈ એચ. દવે | લાઈનમેન | રોશની શાખા |
| ૨૩ | શ્રી શૈલેષભાઈ કે. ખોખર | લીડીંગ ફાયરમેન | ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ |
| ૨૪ | શ્રી યોગેશભાઈ ડી. જાની | ડ્રાઈવર | ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ |
| ૨૫ | શ્રી વિજયગીરી ગોસ્વામી | ટ્રાફિક ઈન્સ્પેકટર | ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ |
| ૨૬ | શ્રી નીતિનચંદ્ર વિનોદરાય જોષી | મોટર મિકેનીક | સેન્ટ્રલ વર્કશોપ |
| ૨૭ | શ્રી રાજેશ પાલાભાઈ જાદવ | મજુર | એ.એન.સી.ડી. |

**૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત**

# "પ્લાસ્ટિક છોડો ભારત" કાર્યક્રમ હેઠળ કિસાનપરા ચોક ખાતે જેલમા કેદ થયા My FMના આર.જે. શ્રી આભાબેન

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ શહેરમાં રાજ્ય કક્ષાની પ્રજાસતાક પર્વ–૨૦૨૦ની ઉજવણી અંતર્ગત તા.૨૩–૦૧–૨૦૨૦ થી તા.૨૬–૦૧–૨૦૨૦ સુધી એક વિશિષ્ટ પ્રકારનો કાર્યક્રમ 'પ્લાસ્ટિક ભારત છોડો'નું આયોજન કરવામાં આવશે. જેમાં સવારે ૧૦:૦૦ વાગ્યે કિસાનપરા ચોક ખાતે બનાવવામાં આવેલ.માય એફ.એમ.ના આર.જે. શ્રી આભાબેન જેલમાં ૭૨ કલાક સુધી કેદ થયા હતા. શહેરની વિવિધ સ્કૂલોના છાત્રો અને રાજકોટ મહાનગરપાલિકા શહેરમાંથી ૫૦૦ કિલો પ્લાસ્ટિક એકત્ર કરી જેલ ખાતે લાવે ત્યારે આર.જે. આભાબેન જેલમુક્ત થનાર હતા. કાર્યક્રમના પ્રારંભે માન. મેયર શ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત હતા. આ પ્રોગ્રામમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સેનિટેશન સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, પ્લાનીંગ સમિતિ ચેરમેનશ્રી અનીતાબેન ગૌસ્વામી, એસ્ટેટ સમિતિ ચેરમેનશ્રી પ્રીતીબેન પનારા, કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવ, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, પર્યાવરણ ઈજનેરશ્રી નીલેશભાઈ પરમાર તેમજ વિવિધ સ્કુલોના છાત્રો અને વિવિધ સંખ્યાના પ્રતીનીધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીએ પોતાના પ્રત્યાઘાતમાં એમ જણાવ્યું હતું કે, 'પ્લાસ્ટિક છોડો ભારત' નો આ કાર્યક્રમ એકદમ નવો અને લોકોમાં વધુ જાગૃતિ પ્રસરાવે તેવો છે, આ માટે હું સૌને અભિનંદન પાઠવું છુ. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસ ની જે કેડી હંકારી છે તેમાં ગુજરાત પણ ઉત્સાહભેર આગળ ધપી રહ્યું છે, અને રાજકોટ મહાનગરપાલિકા પણ ખુબ સારી રીતે પોતાનું યોગદાન આપી રહેલ છે.

આ કાર્યક્રમને અનુલક્ષીને માન. મેયરશ્રીએ જણાવ્યું હતું કે, શહેરને સ્વચ્છ બનાવવાની શરૂઆત આપણાથી જ કરીએ, જો શહેર સ્વચ્છ રહેશે તો આપણું ઘર પણ સ્વચ્છ રહેશે, પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો પણ નહિ અને જે લોકો પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે તેને પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જણાવો. પ્લાસ્ટિક મુક્ત રાજકોટ કરવા માટે આ કાર્યક્રમ થકી એક નવી પહેલ લાવીએ છીએ.

મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સંદેશો આપતા જણાવ્યું હતું કે, શહેરીજનોના સહયોગથી રાજકોટ શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ આવી શકશે, આ શહેરને સ્વચ્છ રાખવાની આપણી સૌની જવાબદારી છે, આજે આ કાર્યક્રમ થકી શહેરમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા લોકો સુધી એક સંદેશ પહોંચશે કે પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો એ જેલની સજા બરાબર છે, તો મારી નમ્ર અપીલ છે કે લોકો પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે અને સૌ સાથે મળીને રાજકોટ શહેરને સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રથમ લાવીએ. 'પ્લાસ્ટિક છોડો ભારત' કાર્યક્રમ અન્યત્ર પણ પ્રેરણારૂપ બનશે. પર્યાવરણણી સુરક્ષા અને જાળવણી માટે આપણે સૌ પ્રતિબધ્ધ થઈએ.

તા.૨૬–૦૧–૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે શહેરની વિવિધ સ્કૂલોના છાત્રો અને રાજકોટ મહાનગરપાલિકા શહેરમાંથી ૨૦૧૪ કિલો પ્લાસ્ટિક એકત્ર કરી જેલ ખાતે લાવી આર.જે. આભાબેનને જેલમુક્ત કરાયા.

આ પ્રસંગે માન.મેયર શ્રી બિનાબેન આચાર્ય સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સેનિટેશન સમિતિના ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, પ્લાનિંગ સમિતિના ચેરમેન શ્રી અનિતાબેન ગૌસ્વામી, એસ્ટેટ સમિતિના ચેરમેન શ્રી પ્રીતિબેન પનારા, કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવ, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશભાઈ પરમાર તેમજ વિવિધ સ્કુલોના છાત્રો અને વિવિધ સંખ્યાના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**૨૦૧૪ કિલો પ્લાસ્ટિક એકત્ર કરી જેલ ખાતે લાવી શ્રી આભાબેનને તા. ૨૬-૦૧-૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે જેલમુક્ત કરાયા**







૭૧માં ગણતંત્ર દિવસની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત

# આરોગ્ય કેન્દ્ર ખાતે ગર્ભ સંસ્કાર કેમ્પ યોજાયો




## ગાયત્રી શક્તિપીઠ સંસ્થાના સભ્યોશ્રીઓ દ્વારા મહિલાઓને ગર્ભ સંસ્કારનું માર્ગદર્શન અપાયું

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત શહેરનાં તમામ સગર્ભા બહેનોનાં જન આરોગ્ય હિતાર્થે તા.૧૭–૦૧–૨૦૨૦ તથા તા.૨૫–૦૧–૨૦૨૦ સુધી ગર્ભ સંસ્કાર કેમ્પ રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે સવારે ૦૯ થી ૧૨ રાખેલ. આ કેમ્પમાં ગાયત્રી પરિવાર સંસ્થાના તમામ સદસ્યશ્રીઓ દ્વારા ગર્ભ સંસ્કારનુ માર્ગદર્શન આપેલ.

ઉકત વિગતે તા.૧૭–૦૧–૨૦૨૦ નાં આજરોજ શ્યામનગર આરોગ્ય કેન્દ્ર ગર્ભ સંસ્કાર કેમ્પનું ઉદ્‌ઘાટન માન. ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ હતું. આ કાર્યક્રમમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી શ્રી જયમીનભાઈ ઠાકર તથા નાયબ કમિશનર શ્રી બી. જી. પ્રજાપતિ, આરોગ્ય અધિકારી ડૉ. વીરડીયા, નાયબ આરોગ્ય અધિકારી ડૉ. રાઠોડ, ગાયત્રી શક્તિપીઠશ્રી પીનાકીનભાઈ રાજયગુરૂ તથા લાભાર્થીબહેનો વિગેરે ઉપસ્થિત રહેલ હતા. તા.૨૫–૦૧–૨૦૨૦ સુધી રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત તમામ આરોગ્ય કેન્દ્રો પર તમામ સગર્ભા બહેનો માટે ગર્ભ સંસ્કાર કેમ્પની શરૂઆત કરેલ.

જે તે વિસ્તારમાં રહેતા સગર્ભા બહેનો માટે તેમના વિસ્તારના નજીકના આરોગ્ય કેન્દ્રો ખાતે ગર્ભ સંસ્કાર કેમ્પમાં ગર્ભાવસ્થા માટે આરોગ્ય શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવેલ.

ગાયત્રી શક્તિપીઠના સહયોગથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ આ ગર્ભ સંસ્કાર માર્ગદર્શન કેમ્પ વિશે વાત કરતા મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, માતા પોતાનું સંતાન ખૂબ જ તેજસ્વી અને તંદુરસ્ત થાય તેવી અપેક્ષા રાખતા હોય છે. ભારતની સંસ્કૃતિમાં ગર્ભમાં રહેલ બાળકને સંસ્કારો મળે તે માટે ધાર્મિક પુસ્તકોનું વાંચન, મંત્રોચાર વિગેરે કરવામાં આવતું. આજના સમયમાં ભૂતકાળ બની ગયેલ છે. જેથી ગર્ભ સંસ્કાર માર્ગદર્શન સેમીનાર ગર્ભવતી બહેનોને આશીર્વાદરૂપ બને છે. મેયરશ્રીએ ગાયત્રી પરિવારના સદસ્યોને આ ઉમદા કાર્ય બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવેલ.

ગર્ભ સંસ્કાર એટલે આવનારૂ બાળક ખુબ જ તેજવાન અને ઓજસ્વી બને તે માટે આપવામાં આવતા સંસ્કાર. આમ, તો સંતાન સુખની ખેવના દરેક વ્યક્તિ રાખે છે પણ એક ઉત્તમ સંતાનની ખેવના માટે ગર્ભસંસ્કાર જરૂરી છે. આપણે જાણીએ કે ગર્ભ સંસ્કાર કેવી રીતે ગ્રહણ કરવામાં આવે છે.

જયારે કોઈ સ્ત્રી પ્રેગ્નેન્ટ બને છે ત્યારે તે તેના અને તેના પરિવાર માટે સૌથી મોટી ખુશીની વાત છે. આજના યુગ માં દરેક માતા પિતા પોતાના ઘરે એક સ્માર્ટ બાળક ઈચ્છે છે.દરેક માતા પિતા એવું ઈચ્છે છે કે તેનું સંતાન ઉત્તમ વિચારો ધરાવતું સંતાન તરીકે જન્મ લે. બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ જેવા સંસ્કારો ધરાવતું બાળક ની ઈચ્છા ધરાવતી સ્ત્રીઓ માટે ગર્ભસંસ્કાર ઉત્તમ છે. માતાના વિચારો થી જ રામ જેવા પુત્ર જન્મ થાય છે જે દુનિયાના તારણહાર બની શકે છે અને માતા ના વિચારોથી જ રાવણ જેવા પુત્રનો પણ જન્મ થાય છે જે દુનિયા નું વિનાશ પણ સર્જી શકે છે. તેથી વિચારો ખુબ જ મહત્વના છે.

ગર્ભસંસ્કાર માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અભિમન્યુ અને સ્વામી વિકવેકાનંદ, દ્વાપર યુગમાં મહાભારતમાં અભિમન્યુ એ જયારે પોતાના માતા સુભદ્રાના ગર્ભમાં હતા ત્યારે પોતાના પિતા અર્જુન પાસેથી ચક્રવ્યૂહની રચનાનું વર્ણન સાંભળ્યું હતું અને મહાભારતના યુદ્ધમાં રણમેદાનમાં તેમને ગર્ભમાં સાંભળેલ વર્ણન પરથી ચક્રવ્યૂહ ભેદવાનો નિર્ણય લીધો હતો, તેવી જ રીતે માતા ભુવનેશ્વરી દેવી પણ પોતાની ગર્ભાવસ્થામાં ધ્યાનની ક્રિયા કરતા હતા એટલે સ્વામી વિવેકાનંદ પણ પોતાના બાળપણથી જ ધ્યાનમાં મગ્ન રહેતા હતા ધ્યાન કરવું ને ગર્ભાવસ્થામાં સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

### ગર્ભ આશીર્વાદ મંત્ર :

ગર્ભ સંસ્કાર સમય ગાળા દરમિયાન મંત્રોનું ઉચ્ચારણ અને શ્રવણ કરવામાં આવે તો આવનાર શિશુ ઉત્તમ વિચારો ધરાવતું જન્મ લે છે. ગાયત્રી મંત્રો, ઓમકાર મંત્રો જેવા મંત્રો નું ઉચ્ચારણ અને શ્રવણ કરવું જોઈએ . હાલ જાણવા મળ્યું છે કે વિદેશો માં રહેતી સ્ત્રીઓ જે ગર્ભાવસ્થામાંથી પસાર થઇ રહી છે જેઓ હિન્દી,ગુજરાતી કે સંસ્કૃત પણ સમજતી નથી તેઓ ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટે આપણી સંસ્કૃતિના મંત્રોનું ઉચ્ચારણ અને શ્રવણ કરે છે. જેનાથી તન અને મન બને શાંત થાય છે અને ગર્ભમાં રહેલ શિશુ પણ ઉત્તમ વિચારો સાથે જન્મ લે છે. મંત્રોનું ઉત્તમ ઉચ્ચારણ કરવા માટે યોગ મુદ્રા ધારણ કરો અને ત્યારબાદ મંત્રોનું ઉચ્ચારણ કરો.

આ ઉપરાંત તમે તમારા બાળક શરીરની ઉત્તમ રચના માટે પંચમહાભૂતોની પણ સ્તુતિ કરી શકો છો. કારણ કે પંચમહાભૂતો મળીને સંપૂર્ણ શરીરની રચના કરે છે. જેમાં અગ્નિ, વાયુ, ધરતી, આકાશ અને જળનો સમાવેશ થાય છે.આ પંચમહાભૂતોને પ્રાર્થના કરી તમે તેમાંથી શ્રેષ્ઠ બાળક માટેના આશીર્વાદ મેળવી શકો છો.

### ગર્ભ સંસ્કાર સંવાદ :

ગર્ભ સંસ્કાર સંવાદમાં ગર્ભ માં રહેલા શિશુ સાથે વાર્તાલાપ કરવાનો છે.જેમાં તમારે તમારૂ બાળક વાસ્તવિક સ્વરૂપે તમારી સમક્ષ છે તેમ સમજી તેની સાથે વાતો કરવાની છે. એને કહેવાનું છે કે, હે મારા પ્રિય બાળક જ્યારથી તારા આવવાના સમાચાર મળ્યા છે ત્યારથી હું તારા પિતા અને પરિવાર ના સો સદસ્યો આનંદથી રોમાંચિત થયા છીએ.

તું સાંભળે છે ને મારી વાતો તારા આવવાની રાહ અમે જોઈ રહ્યા છીએ. પણ તું ધીરજ રાખજે તારી આ યાત્રા ઘણી અઘરી છે એ વાત હું જાણું છું આ સફર માં હું તારી સાથે જ છું. તને કોઈ પણ તકલીફ ના થાય તેના માટે હું પુરેપુરી કાળજી લઈશ તું ખુબ જ સમજદાર, સુશીલ, સંસ્કારી થઈશ. તું હિમતવાન અને સાહસિક બનીશ તું વડીલો ને આદર આપશે અને નાનાઓને પ્રેમ આપીશ, તું સાહસિક, નીડર, પ્રમાણિક બનીશ. તારા આવા અસંખ્ય ગુણોથી તું જીવનમાં મહાન બનીશ. તું શરીર, પ્રાણ, મનબુદ્ધિ અને આત્મા એમ પાંચેયનો સર્વાંગી વિકાસ કરનારો શ્રેષ્ઠ મનુષ્ય બનીશ. આવા અનેક હકારાત્મક વિચારોથી તમે બાળક ને શ્રેષ્ઠ સંસ્કારો ગર્ભ માં જ આથી શકો છો અને તમારા બાળક માટે એક શ્રેષ્ઠ માતા બની શકો છો. આમ પણ ભારતીય સંસ્કૃતિને ઉત્તમ ગણવામાં આવે છે. આવા સંસ્કારોનું સિંચન જો બાળક માં જન્મ પહેલાથી જ કરવામાં આવે તો જરૂર દરેક બાળક ઉત્તમ ઉદાહરણ બને છે.

# લાલપરી તળાવ ખાતે સ્પીડ બોટ, વોટર બોટનું લોન્ચિંગ કરતા સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા તથા ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી





**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વ–૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત શહેરીજનોના મનોરંજન માટેના ભાગરૂપે તા.૧૮–૦૧–૨૦૨૦ના રોજ લાલપરી તળાવ ખાતે સ્પીડ બોટ, વોટર બોટનું લોન્ચિંગ માન. સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા તથા ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.**

**આ પ્રસંગે ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, ડે. કમિશનરશ્રી એ. સિંઘ ઉપસ્થિત રહેલ.**



# શહેરના વિવિધ ૧૧ ગાર્ડનમાં દેશ ભક્તિ ગીતોનું સુરીલુ આયોજન.

રાજકોટ શહેરમાં ૨૬ જાન્યુઆરી અંતર્ગત સવારે ૦૬:૦૦ થી ૦૯:૦૦ દેશ ભક્તિ ગીતો સાઉન્ડ સિસ્ટમ દ્વારા વગાડવાનું આયોજન કરેલ હોઈ જેની શરૂઆત આજ તા.૧૭–૦૧–૨૦૨૦થી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ડે.કમિશનરશ્રી નંદાણી, સિંહ, પ્રજાપતિ, એડી. સિટી એન્જીનીયરશ્રી ડી. યુ. જોષી, આસી. મેનેજરશ્રી ડી. એમ. ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા.

વિશેષમાં રાજકોટ શહેરમાં રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત આગામી ૨૬મી જાન્યુઆરી સુધી રાજકોટ શહેરના જુદા જુદા ૧૧ ગાર્ડન જેમ કે જયુબેલી ગાર્ડન, શારદા બાગ, એસ્ટ્રોન ચોક ગાર્ડન, શેઠ હાઈસ્કુલ સામે ગાર્ડન, સોરઠીયા ચોક ગાર્ડન, બાલમુકુંદ ગાર્ડન, લાલબહાદુર શાસ્ત્રી ગાર્ડન, ભગતસિંહ ગાર્ડન, પારૂલ ગાર્ડન, ચંદ્રશેખર ગાર્ડન અને પ્રદ્યુમન પાર્ક ખાતે સવારે ૦૬:૦૦ થી ૦૯:૦૦ દેશ ભક્તિ ગીતોનું ભવ્ય આઓજન કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય ભાવના પ્રબળ બને તેવા શુભ હેતુથી પ્રજાસતાક પર્વની ઉજવણી સુધી દેશ ભક્તિ ગીતો તમામ ગાર્ડનમાં ચાલુ રાખવામાં આવશે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત

# વેસ્ટ ઝોન ખાતે કીર્તિદાન ગઢવીનો ભવ્ય લોકડાયરો

## ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય



રાજકોટ ખાતે ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વ ૨૦૨૦ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત તા. ૨૦–૦૧–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેસ્ટ ઝોન ખાતે કીર્તિદાન ગઢવી તથા સાથી કલાકારો દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, પૂર્વ પ્રમુખ રાજકોટ શહેર ભાજપ શ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, માધ્યમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયા, પૂર્વ કોર્પોરેટરશ્રી રાજુભાઈ બોરીચા તથા ડે.કમિશનરશ્રી સી. કે. નંદાણી, આસી. કમિશનરશ્રી હર્ષદ પટેલ, તથા શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા દ્વારા કરવામાં આવેલ. તથા ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરીનું અભિવાદન પુષ્પગુચ્છથી ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, પૂર્વ પ્રમુખ રાજકોટ શહેર ભાજપ ભીખાભાઈ વસોયા, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેન અંજનાબેન મોરજરીયાએ સ્વાગત કરેલ. મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયાએ કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરીએ જણાવેલ કે, ૨૬મી જાન્યુઆરી પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જયારે રાજકોટમાં થઇ રહી છે ત્યારે આ અવસર રાજકોટ શહેરને આપવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માનીએ.

રાજકોટ શહેર તથા જિલ્લા કક્ષાના વિકાસના કાર્યક્રમો થશે. તેમજ શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેરના શહેરીજનોને શુભેચ્છા પાઠવેલ. તેમજ આ કાર્યક્રમની આભારવિધિ આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરે કરેલ.



# બાળ તંદુરસ્તી હરીફાઈ યોજાઈ

પ્રજાસતાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૧૮–૦૧–૨૦૨૦ ના રોજ અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે બાળ તંદુરસ્તી હરીફાઈનું આયોજના કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બાળકો અને વાલીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમાં નાયબ મ્યુનિ. કમિશનર શ્રી બી. જી. પ્રજાપતિ, કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવ, શ્રી પ્રીતીબેન પનાર, ડૉ. હેમાણી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી પંકજ રાઠોડ અને શ્રી મનીષ ચુનારા, ડે. મેડીકલ ઓફિસર ઓફ હેલ્પ શ્રી ભૂમિબેન તેમજ CDPO ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બે કેટગરી વાઈઝ તંદુરસ્ત બાળક સ્પર્ધા રાખવામાં આવી હતી, 0 થી 3 વર્ષના બાળકો અને 3 થી ૬ વર્ષના બાળકો માટે તંદુરસ્તી હરીફાઈ રાખવામાં આવી હતી. બંને કેટગરીમાં પ્રથમ ૧૦ નંબરે આવનાર બાળકોને



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરસ્કાર આપવામાં આવેલ હતા.

આ કાર્યક્રમાં બાળકની તંદુરસ્તી માટે બાળકોનું સંપૂર્ણ શરીરની ચકાસણી કરવામાં આવે છે અને તેના પરથી નિષ્ણાંતો દ્વારા સૌથી તંદુરસ્ત બાળક નક્કી કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગર––પાલિકાના ICDS સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી અને કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર શ્રી દિપ્તીબેન આગરિયા દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# ઈસ્ટ ઝોન ખાતે ગીતાબેન રબારીનો ભવ્ય લોક ડાયરો



## રાજયનાં અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો વિભાગના માન. મંત્રી શ્રી જયેશભાઈ રાદડીયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ – ૨૦૨૦ની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત તા.૨૦–૦૧–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટના શહેરીજનો માટે ઈસ્ટ ઝોન ખાતે ગીતાબેન રબારી તથા સાથી કલાકારો દ્વારા ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, માર્કેટ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, લાઈટીંગ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા, પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળીયા, કોર્પોરેટર શ્રી પ્રીતિબેન પનારા, શ્રી દેવુબેન જાદવ, મહિલા મોરચા પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, વોર્ડ અગ્રણીયશ્રી સી. ટી. પટેલ, શ્રી કાનાભાઈ ઉધરેજા, શ્રી દિનેશભાઈ ચૌહાણ, શ્રી અશોકભાઈ લુણાગરિયા, શ્રી દિલીપભાઈ લુણાગરિયા, શ્રી ઘનશ્યામભાઈ કુંગશીયા, પૂર્વ કોર્પોરેટરશ્રી રસિકભાઈ પટેલ, શ્રી સંજયભાઈ ગોસ્વામી, શ્રી દીપકભાઈ પનારા, શ્રી સંજયભાઈ ચાવડા, શ્રી ભરતભાઈ લીંબાસીયા, શ્રી કાનાભાઈ ડંડૈયા, શ્રી કલ્પનાબેન કિયાડા, શ્રી કંકુબેન ઉધરેજા, શ્રી રસીલાબેન, શ્રી અરવિંદભાઈ ભેસાણીયા, શ્રી મનસુખભાઈ જાદવ, શ્રી નીલેશભાઈ ખુંટ તથા વિસ્તારના અગ્રણીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન ડે.મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત એસ્ટેટ કમિટી ચેરમેનશ્રી પ્રીતીબેન પનારા તથા કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવે કરેલ. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી જણાવેલ કે, ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વની રાજકોટ ખાતે રાજ્ય કક્ષાની ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તમામ તહેવારોને લોકો સાથે જોડાઈને ઉજવવાનું નક્કી કર્યું છે. જેથી આ વખતે ૨૬મી જાન્યુઆરીની ઉજવણી રાજકોટ ખાતે થઈ રહી છે. આ કાર્યક્રમની આભારવિધિ શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણીએ કરેલ. તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓએ આ લોકડાયરાનો આનંદ માણેલ.

**૭૧માં ગણતંત્ર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત**

# ‘‘રંગ છે રાજકોટ’’ નામક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ

## માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ








રાજકોટ તા.૨૫ જાન્યુઆરી – ૭૧મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૌજન્યશીલ સાંસ્કૃતિક કાર્યક્રમ સપન્ન થયો હતો.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણા દેશને આઝાદ કરાવવામાં અનેક વીરોએ શહીદી વહોરી હતી. શહીદોનાં બલિદાનના કારણે આપણને મહામૂલી આઝાદી પ્રાપ્ત થઈ છે. આપણું રાષ્ટ્ર ગણતંત્ર રાજ્ય બની શક્યું છે. દુનિયાનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ ભારત બન્યો છે.

ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાષ્ટ્રીય પર્વો જિલ્લાઓમાં ઉજવવાની શરૂઆત કરી હતી. જેનાથી જે તે જિલ્લાને રાષ્ટ્રીય પર્વ ઉજવણીનો લહાવો પ્રાપ્ત થાય છે. દેશના વિકાસમાં ગુજરાતે ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતે મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી દયાનંદ સરસ્વતી જેવા મહાપુરૂષો આપ્યા છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતના સપુત છે ત્યારે આપણે સૌ સાથે મળીને ગુજરાતની પ્રગતિમાં ફાળો આપવો જોઈએ તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે રાજકોટના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત દેશપ્રેમી નાગરિકોને લોકશાહી અને પ્રજાસત્તાક પર્વની ઉજ્જ્વળ પરંપરાનું સંવર્ધન કરવા સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું હતું. કચ્છથી કટક અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશની એકતા અને અખંડિતતા સ્થાપિત કરવામાં દેશના નાગરિકના સહકારની કામના મુખ્યમંત્રી શ્રીએ આ પ્રસંગે ઉચ્ચારી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની રાજ્યના નાગરિકો પ્રત્યેની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે છેવાડાના માનવી સુધીના નાગરિકને તેના મૂળભૂત હક્કો સમાન રીતે ભોગવવા મળે તે માટે રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે. રાષ્ટ્રીય કાર્યક્રમોમાં આમ જનતાની સામેલગીરીથી રાજ્યના વાતાવરણમાં નવી તાજગીનું સિંચન કરવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી, અને ૧૯૫૦થી અમલી બનેલ બંધારણ મુજબની સરકાર પ્રજાની આકાંક્ષા––ઓની પરિપૂર્તિ કરવા કટિબદ્ધ હતું.

મુખ્યમંત્રીશ્રીએ ૩૭૦ની કલમ દૂર થયા પછી પહેલી વખત આઝાદ કાશ્મીરમાં પ્રજાસત્તાક પર્વે ત્રીરંગો લહેરાવવાની ઘટનાને ઈતિહાસમાં સીમાચિહ્ન રૂપ ગણાવી હતી. અને આ બાબતે રાજ્ય સરકારનો રાજીપો રજૂ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યને ગ્રોથ એન્જિન બનવા માટેની દિશામાં નક્કર પદાર્પણ કરવા નાગરિકોને હાંકલ કરી હતી. અને દેશની એકતા અને અખંડિતતા માટે પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો.

રાજકોટના વિકાસ માટે જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત તથા મહાનગરપાલિકાને રૂપિયા અઢી–અઢી કરોડનું અનુદાન મુખ્યમંત્રીશ્રીએ પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ એનાયત કર્યું હતું. વિવિધ ક્ષેત્રે ઉત્તમ કામગીરી અર્પે ૧૦ યશસ્વી નાગરિકોનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે બહુમાન બહુમાન કરાયું હતું.

જિલ્લા વહીવટીતંત્ર તથા પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ દ્વારા સંયુક્ત રીતે પ્રકાશિત કરાયેલી વિકાસ વાટિકા ૨૦૨૦નુ વિમોચન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લાના રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવેલા વિવિધ સિદ્ધિઓનું આલેખન કરાયું છે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતી પુસ્તિકાનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન કલેક્ટરશ્રી રેમ્યા મોહનએ કર્યું હતું. જવલંત છાયા લિખિત રંગ છે રાજકોટ નાટ્ય પ્રસ્તુતિ ૧૦૦ કલાકારો દ્વારા થઈ હતી. જેને બહોળી સંખ્યામાં લોકોએ માણી હતી.

આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના ધર્મપત્નીશ્રી દર્શનાદેવી, શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય સર્વશ્રીઓ શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, અગ્રણીશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રીમતી અંજલિબેન રૂપાણી, રાજ્યના મુખ્ય સચિવશ્રી અનિલ મુકિમ, પોલીસ મહાનિર્દેશકશ્રી શીવાનંદ જા, મુખ્યમંત્રી શ્રીના અગ્રસચિવ અને માહિતી પ્રસારણ વિભાગ સચિવશ્રી અશ્વીનીકુમાર, સચિવશ્રી કમાલ દયાની, કલેક્ટરશ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણવસીયા, અધિક નિવાસી કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા સહિતના મહાનુભાવો તથા મોટી સંખ્યામાં નાગરિક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ઉદય વૈષ્ણવે કરેલું હતું.

## વ્યક્તિ વિશેષોનું સન્માન કરતા માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની શાનદાર ઉજવણી રાજકોટ ખાતે થઈ રહી છે આજે રાજકોટ ખાતે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ યોજાયેલ રંગ છે રાજકોટ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાહસ, સેવા અને સાંસ્કૃતિક કલા વારસા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનાર વ્યક્તિ વિશેષોનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે શાલ, મોમેન્ટો આીને સન્માનીત કરાયા હતા

આ સન્માનીત કરાયેલ વ્યકિત વિશેષોમાં રમત–ગમતમાં કુમારી વૈભવી એસ. ત્રિવેદી, દિવ્યાંગમાં શ્રીમંત્ર જિતેન્દ્રભાઈ હરખાણી, ટ્રસ્ટમાં શ્રી વિજયભાઈ ભીખાભાઈ ડોબરીયા, કલાકારમાં શ્રી ભટ્ટ પંકજભાઈ વિજય કુમાર, રમત ગમતમાં શ્રી ચેતેશ્વર અરવિંદભાઈ પુજારા, રમત ગમતમાં શ્રી નિરંજન રસીકલાલ શાહ, વિશિષ્ટમાં શ્રી જયકુમાર લલીતભાઈ વસાવડા, હિન્દુસ્તાની કલાસીકલ મ્યુઝિકમાં શ્રી પિયુબેન સરખેલ, સમાજ સેવામાં ગોપાલ રત્ન શ્રી ઘનશ્યામભાઈ વ્યાસ અને ટ્રાફિક અવેરનેશમાં શ્રી જયેશ વસંતલાલ શાહનો સમાવેશ થાય છે.

# આરોગ્ય કેન્દ્ર ખાતે સીનિયર સિટિઝનો માટે મેડીકલ કેમ્પ

## મેડીકલ કેમ્પમાં દવાઓ તથા આરોગ્ય શિક્ષણ વિના મૂલ્યે આપવામાં આવ્યા.












રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ પ્રજાસતાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત શહેરના વરિષ્ઠ નાગરિકો (સીનિયર સિટિઝનો) નાં જન આરોગ્ય હિતાર્થે તા.૧૭-૧-૨૦૨૦ તથા તા.૧૮-૧-૨૦૨૦નાં રોજ રાજકોટ મહાનગર--પાલિકા સંચાલીત તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે સવારે ૦૯ થી ૧૨ રાખેલે. ઉકત વિગતે તા.૧૭-૦૧-૨૦૨૦ નાં આજરોજ શ્યામનગર આરોગ્ય કેન્દ્ર સીનિયર સિટિઝન મેડિકલ કેમ્પનું ઉદ્‌ઘાટન માન. ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ હતું. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર તથા નાયબ કમિશનર શ્રી બી. જી. પ્રજાપતિ, આરોગ્ય અધિકારી ડૉ. વીરડીયા, નાયબ આરોગ્ય અધિકારી ડૉ.રાઠોડ વિગેરે ઉપસ્થિત રહેલ હતા. તા.૧૮-૦૧-૨૦૨૦ સુધી રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત તમામ આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે સીનિયર સિટિઝન કેમ્પની શરૂઆત કરેલ છે. જે તે વિસ્તારમાં રહેતા સીનિયર સિટિઝનોએ રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત તેમના વિસ્તારના આરોગ્ય કેન્દ્રો ખાતે મેડીકલ ચેકઅપ માટે જવાનું રાખ્યું હતું. આ મેડીકલ કેમ્પમાં દવાઓ તથા આરોગ્ય શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવશે. જેમાં સીનિયર સિટિઝને આરોગ્ય કેન્દ્ર ખાતે પોતાની સાથે અગાઉના તમામ મેડિકલ રીપોર્ટ તથા તેમની બીમારીને લગતી ફાઈલ જો હોય તો લઈ જણાવાયું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરના તમામ સીનિયર સિટિઝન વ્યક્તિઓ આ મેડીકલ કેમ્પનો લાભ લે તે માટે ખાસ અપીલ કરવામાં આવેલ.

**૭૧માં ગણતંત્ર દિવસની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત**

## રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ રેન્ડોનીયર્સ, એક્રોલોન્સ ચિલ્ડ્રન ક્લબ અને જીનિયસ ગ્રુપ દ્વારા

# સાઈકલોકીડ અને સાઈકલોથોન યોજાઈ



પ્રજાસતાક પર્વ ૨૦૨૦ ની રાજ્ય કક્ષાની ઉજવણી રાજકોટ શહેરમાં કરવામાં આવે છે, જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ શ્રેણીબધ્ધ કાર્યક્રમોનં આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તારીખઃ ૧૯–૦૧–૨૦૨૦ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ રેન્ડોનીયર્સ, એક્રોલોન્સ ચિલ્ડ્રન ક્લબ અને જીનિયસ ગ્રુપ વિગેરેના સંયુક્ત ઉપક્રમે રેસકોર્ષ ખાતે સાઈકલોકીડ અને સાઈકલોપોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨ કી.મી. ની સાઈકલોકીડમાં અંદાજે કુલ ૨૦૦૦ બાળકો અને ૨૫ કી.મી.ની સાઈકલોથોનમાં અંદાજે ૪૦૦ જેટલા વયસ્કોએ ભાગ લીધો હતો. આ સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી પણ સાઈકલોથોનમાં ભાગ લોધો હતો. આ કાર્યક્રમાં ગુજરાત ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, નાયબ મ્યુનિ, કમિશનરશ્રી ચેતન નંદાણી, ચેરમેન જીનિયસ ગ્રુપ શ્રી ડી.વી. મહેતા, ઈવેન્ટ કો–ઓર્ડીનેટર શ્રી પરેશભાઈ બાબરીયા, શ્રી પરાગભાઈ તન્ના, શ્રી શ્રીકાંતભાઈ તન્ના અને શ્રી વિજયભાઈ દોંગા ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે ગુજરાત ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે, આપણું શહેર માત્ર ભારત દેશમાં જ નહી પરંતુ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની એક નવી ઈમેજ રચવા આગળ ધપી રહ્યું છે. શહેરીજનો સાઈકલીંગ જેવા નોનમોટરાઈઝ્ડ ટ્રાન્સ––પોર્ટેશન વિકલ્પ અપનાવે અને પ્રદુષણ ઓછું કરવામાં સહયોગી બને તેવા આશય સાથે સાઈકલોથોન યોજવામાં આવેલ છે, તે બદલ તમામ સંસ્થાને ખુબ અભિનંદન પાઠવું છુ.

મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, પ્રજાસતાક પર્વ ૨૦૨૦ ની ઉજવણી નિમિત્તે આજનો આ કાર્યક્રમ રાજકોટની રંગીલી જનતા માટે રાખવામાં આવ્યો છે, રાજકોટવાસીઓનો આ ઉત્સાહ જોઈને એમ કહી શકાય કે, રાજકોટ ખરેખર રંગીલું શહેર છે.

સાયકલોકીડ અને સાઈકલોથોનમાં બે કેટેગરી રાખવામાં આવી હતી, જેમાં એક કેટેગરીમાં ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૨ કિ.મી. ની રાખવામાં આવી હતી, જ્યારે બીજી કેટેગરીમાં વયસ્કો માટે ૨૫ કિ.મી. ની સાયકલોથોન રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને મેડલ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા, આ ઉપરાંત તમામ ભાગ લેનાર સ્પર્શકને એનર્જી માટે નાસ્તો, જ્યુસ અને ચોકલેટ પણ આપવામાં આવ્યું હતું.

સાથે સાથે સાઈકલોકીડમાં ભાગ લેનાર સ્પર્ધકોના લક્કી ડ્રો કરી ૧૫ લક્કી સ્પર્ધકોને સાઈકલ આપવામાં આવી હતી અને ૧૫૦ જેટલા સ્પર્ધકોને ગીફ્ટ આપવામાં આવી હતી.

**પોપટપરા પોલિસ માઉન્ટેન ખાતે જાતવાન અશ્વોનું ધમાકેદાર પ્રદર્શન**

# અશ્વ શોનું શાનદાર આયોજન




મુખ્યમંત્રીશ્રી વિજયભાઈએ ૭૧ માં પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણીનો રાજકોટ ખાતે અશ્વ શો થકી ધમાકેદાર પ્રારંભ કરાવ્યો હતો. અને રાજકોટવાસીઓને રેસ્ટ મોડમાંથી એક્ટિવ મોડ તરફ સ્વિચ ઓવર કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટવાસીઓ ને ઉત્સાહનો પાનો ચડાવતાં જણાવ્યું હતું કે, રણ ક્ષેત્રમાં પોતાની બહાદૂરી માટે ખ્યાતનામ એવા કાઠિયાવાડી પાણીદાર અશ્વો શૌર્યનું ઉચ્ચતમ પ્રતીક છે. આજના અશ્વ શોથી થયેલ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના તમામ કાર્યક્રમોમાં જોશભેર સામેલ થવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ નાગરિકોને હાકલ કરી.

મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો એ દિપ પ્રાગટય કરાવી અશ્વ શોને ખુલ્લો મૂક્યો હતો. કાઠિયાવાડી હોર્સ બ્રીડર્સ એસો.ના પ્રમુખ અને ગોંડલના રહીશશ્રી ઘનશ્યામ મહારાજનું મુખ્યમંત્રી શ્રીએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અશ્વ શો પ્રારંભેશ્રી મનીષ દેવકરણ અને શ્રી પ્રવીણ સિક્કાએ રાષ્ટ્ર ધ્વજ સાથે પાઈલોટીંગ શરૂ કરાવ્યું હતું.

રાજકોટ જિલ્લા ગ્રામ્ય પોલિસ, જિલ્લા વહીવટીતંત્ર અને કાઠિયાવાડી હોર્સ બ્રીડર્સ એસોસીએશનના સંયુકત ઉપક્રમે પોપટપરા પોલિસ માઉન્ટેન ખાતે યોજાયેલા અશ્વ શોમાં રાજકોટના પોલીસ માઉન્ટેન યુનિટના ૨૫ અને અન્ય ૫૪ અશ્વો સહિત કુલ ૬૯ અશ્વ સવારોએ અશ્વ શોમાં ભાગ લઈ પોતાનું કૌવત દર્શાવ્યું હતું. પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું.

આ પ્રસંગે મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી લાખાભાઇ સાગઠિયા અને શ્રી અરવિંદભાઇ રૈયાણી, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી કમલેશભાઇ મીરાણી, અગ્રણીશ્રી ડી. કે. સખિયા, શ્રી અંજલીબેન રૂપાણી, પૂર્વ ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, કલેક્ટરશ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મ્યુ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ રાણાવસિયા, નાયબ પોલીસ મહા નિરિક્ષકશ્રી સંદિપસિંહ સહિતના મહાનુભાવો, વિદ્યાર્થીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિશ્રી ડી.વાય.એસ.પી.શ્રી શ્રુતિ મહેતાએ કરેલ.



**૭૧માં ગણતંત્ર દિવસની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ શહેર પોલિસ દ્વારા**

# પાર્શ્વ ગાયિકા નેહા ખખ્ખર તથા કિર્તિદાન ગઢવી મ્યુઝિકલ નાઈટ

## રાજયના અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા દ્વારા ઉદ્‌ઘાટન







વિરાણી હાઈસ્કૂલના પટાંગણમાં રાજકોટ શહેર પોલીસ દ્વારા રાજકોટ ખાતે ૨૬મી જાન્યુઆરીની રાજયકક્ષાની ઉજવણીના સંદર્ભે તા. ૨૩-૦૨-૨૦૨૦ના રોજ હિન્દી ગીતોની પ્રસિધ્ધ પાર્શ્વગાયિકા નેહા ખખ્ખર તથા તેમના સાથી કલાકારો અને જાણીતા લોકગાયક કલાકાર શ્રી કિર્તિદાન ગઢવીનો મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પોલીસ વેલ્ફેરના માટે યોજાયેલા આ કાર્યક્રમનું ઉદઘાટન રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા દ્વારા મંગલદીપ પ્રગટાવીને ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલિબેન રૂપાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, જિલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પૂર્વ ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતાં પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની પારદર્શક અને નિર્ણાયક સરકારના માર્ગદર્શનથી ગુનાખોરીમાં અંકુશ આવ્યો છે. રાજય સરકારે પોલીસ જવાનોને સુવિધાસભર આવાસ સુવિધા માટે બે રૂમ રસોડા સહિતની જોગવાઈ કરેલ છે. રાજકોટ શહેરમાં પોલીસ માટે ૪૦૦ આવાસો બનવાના છે. જે પૈકી ૨૦૦ મકાનો તેમજ કોમ્યુનિટી હોલ રામનાથપરા પોલીસ લાઈનમાં બનશે.

આ પ્રસંગે પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ અને ઉપસ્થિત મહાનુભાવોના વરદ્‌ હસ્તે કાર્યક્રમોના દાતાઓનું સ્મૃતિચિન્હ અર્પણ કરીને સન્નમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર અને જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને મોટી સંખ્યામાં શહેરના નાગરિક ભાઈઓ બહેનો કાર્યક્રમ નિહાળવા ઉપસ્થિત રહ્યા હતા.

# માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યુવા સંમેલન કાર્યક્રમ યોજાયો



રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલ વિશ્વ યુવા સંમેલનને સંબોધતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ઉમેર્યું કે તા.૨૫-૦૧-૨૦૨૦ના રોજ વિરાટ યુવાશક્તિને દર્શન થઈ રહ્યા છે ત્યારે મને કહેતા ગૌરવ થાય છે કે સરકારે છેલ્લા બેદાયકામાં શિક્ષણ-સ્વરોજગાર માટે અનેકવિધ ઉચ્ચ તકો પૂરી પાડે છે. આજની યુવા પેઢી જે ચોક્કસ દિશા સાથે આગળ વધી રહી છે ત્યારે રાજ્યનો યુવાન જોબ સીકર નહીં પણ જોબ ગીવર બને એ જ અમારો નિર્ધાર છે અને એ અમે પૂર્ણ કરીશુ.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શાબ્દિક પ્રવચન તેમજ જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહને સ્વાગત પ્રવચન પણ કર્યું હતું. યુવા સંમેલનમાં સ્વિમિંગ, એથ્લેટિક્સ, શૂટિંગ, ક્રિકેટ, પેરાએથ્લેટિક્સ, સાઈકલિંગ જેવી વિવિધ રમતોના રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાના વિજેતાઓને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સેમસંગ ટેકનોલોજી દ્વારા ૧ કરોડના ખર્ચે નવનિર્મિત સેમસંગ ટેકનીકલ સ્કુલનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ ઈ લોકાર્પણ કર્યું હતું. જેમાં યુવાઓને રેફ્રિજરેશન, એર કંડીશનર અને હોમ એપ્લાયન્સ માટેની તાલીમ આપશે. આ તકે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા, મેયર શ્રી બીનાબેન આચાર્ય, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી ભરતભાઇ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલિબેન રૂપાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, જિલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા.

# શસ્ત્ર પ્રદર્શન-૨૦૨૦ અને મશાલ પીટી કાર્યક્રમ












## માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ખાસ ઉપસ્થિતિમાં

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત તા.૨૪-૦૧-૨૦૨૦ના રોજ ચૌધરી હાઈસ્કુલ, રાજકોટ ખાતે ગુજરાત અને રાજકોટ પોલીસ દ્વારા આયોજિત શસ્ત્ર પ્રદર્શન ૨૦૨૦ અને મશાલ પીટીનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શુભારંભ કરાવ્યો છે.

ગુજરાત પોલીસ દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં બીએસએફ, સીઆરપીએફ, રેપીડ એક્શન ફોર્સ, એરફોર્સ સહિત ગુજરાત પોલીસ દળ દ્વારા વપરાતા સુરક્ષાને લગતા અત્યાધુનિક સાધનો જેવા કે, એ.કે.૪૭, રાયફલ, એલ.એમ.જી. ગન, ઈન્ટીગ્રેટેડ ટેલીસ્કોપ , સ્નાયપર ગન, સહિત અત્યાધુનિક ઈક્વીપ--મેન્ટસ અને આતંકવાદીઓ પાસેથી પકડાયેલા હથિયારોનું અદ્‌ભૂત નિદર્શન કરાયુ છે. આ પ્રદર્શન બે દિવસ તા.૨૫ અને તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લુ રહેલ. જેનો નાગરિકોને બહુધા પ્રમાણમાં લાભ લીધો.

આ સમગ્ર પ્રદર્શનને મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ રસપૂર્વક નિહાળ્યુ હતું અને પ્રદર્શન વિશે વિસ્તૃત માહિતી પણ મેળવી હતી.

આ વેળાએ જુનાગઢ એસ.આર.પી. ગૃપ દ્વારા અદ્‌ભૂત મશાલ પીટીનું પ્રદર્શન રજૂ કરાયુ હતુ. જેમાં, સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત, જય હિંદ, સહિત અન્ય રાષ્ટ્ર ભક્તિના પ્રતિકોનું મશાલ દ્વારા એસ.આર.પી.ના જવાનોએ નિદર્શન કર્યુ હતું. તેને પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રસપૂર્વક નિહાળ્યુ હતું. આ પ્રસંગે રાજકોટ કલેક્ટર શ્રી રૈમ્યા મોહન, રાજકોટ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ સહિત જિલ્લા વહીવટી તંત્રના વડાઓએ મુખ્યમંત્રીશ્રી વિજયાભઇ રૂપાણીને મશાલ પીટીનો મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે રાજકોટના માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્ય શ્રી લાખાભાઇ સાગઠીયા, શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી સહિત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ૭૧માં ગણતંત્ર દિવસની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત

# રાજકોટ ખાતે નવનિર્મિત આઇકોનિક બસ પોર્ટનું લોકાર્પણ

## માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી






તા.૨૫-૦૧-૨૦ના રોજ રાજકોટ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત જનભાગીદારી થકી નિર્માણ પામેલ આઇકોનિક બસ પોર્ટનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોને એસ.ટી.ના માધ્યમ દ્વારા પરિવહન સેવાઓ પૂરી પાડવીએ અમારા માટે નફાનું નહીં પણ સેવા-સુવિધાનું માધ્યમ છે. અમારી સરકારે કર્યું છે અને આજે એરપોર્ટ પર જેવી સુવિધાઓ હોય એવી સુવિધાવાળા બસ પોર્ટનું નિર્માણ કરીને જન સેવામાં વધારો કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સંકલ્પ કર્યો હતો કે, બસ સ્ટેશન, હોસ્પિટલ, શાળા, કોલેજો, વહીવટી કચેરીઓમાં વર્લ્ડ ક્લાસ વ્યવસ્થા અને કોર્પોરેટ કલ્ચર હોય એ સંકલ્પ પરિપૂર્ણ થઇ રહ્યો છે.

રાજકોટ ખાતે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રૂા.૪૫ કરોડના ખર્ચે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને એમ.વી.ઓમ્ની શયોના બી.આઇ. પી.એલ (રાજકોટ) પ્રા. લી. દ્વારા રાજકોટ ખાતે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) ના ધોરણે નિર્માણ પામેલા એરપોર્ટ જેવી સુવિધાઓ ધરાવતું આ આઇકોનિક બસ સ્ટોપ ૧૧,૫૮૯.૩૧ SMT માં તૈયાર થયેલ આ બસ સ્ટોપમાં સુપર માર્કેટ, સિનેમા હોલ, હોટલ, ગેઇમ ઝોન સહિતની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઇ છે.

આ ટ્રાઇકોનિક બસ પોર્ટમાં ટિકિટ કાઉન્ટર, ઇન્કવાયરી સેન્ટર, ડીલક્ષ વેઇટીંગ રૂમ, મહિલાઓ માટે અલાયદો વેઇટીંગ રૂમ, વ્હીલચેર, લગેજ ટ્રોલી, મનોરંજન માટે મલ્ટીપ્લેક્ષ, કોમર્શિયલ ઓફિસો, શો રૂમ, હોટલ, ગેસ્ટ હાઉસ, ૩ વ્હીલર અને ફોર વ્હીલર માટે બેઝમેન્ટ પાર્કિંગ, ફૂડકોર્ટ, રેસ્ટોરેન્ટ, કેન્ટીંન, સીસીટીવી કેમેરા, દરેક રૂટની બસમાં ડિઝીટલ બોર્ડ, 30 જેટલા પ્લેટ ફોર્મ, રીટેલ સુપર માર્કેટની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારી શ્રી એસ. જે. હૈદરે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે રાજકોટના માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય, સાંસદ શ્રી મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી ભરતભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઇ મીરાણી, ભાજપ પ્રવતા શ્રી રાજુભાઇ ધ્રુવ, જિલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદય કાનગડ, પૂર્વ ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા સહીત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શુભકામના પાઠવેલ




## ગાંધી મ્યુઝિમના પટાંગણમાં AT HOME કાર્યક્રમ યોજાયો





રાજકોટ ખાતે ૭૧માં પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી પ્રસંગે તા.૨૫-૦૧-૨૦૨૦ના રોજ ગુજરાત ના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, સ્વાતંત્ર્ય સેનાનીઓની ઉપસ્થિતિમાં દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહૂતિ આપનારા શહિદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા રાજયપાલશ્રીએ જણાવ્યુ હતુ કે ક્રાંતિકારી વીર શહિદોની શહાદતને કારણે આપણે સ્વતંત્રતાનું સુખ પ્રાપ્ત કર્યુ છે.

રાજયપાલશ્રીએ જણાવ્યુ હતું કે, એટહોમ કાર્યક્રમ અંગ્રેજ કાળથી રાજભવનમાં યોજાતો રહયો છે. અંગ્રેજો તેમની અનુકુળતા પ્રમાણે પોતાની સત્તાને મજબૂત બનાવનારા લોકોને આમંત્રિત કરી લોક માહિતી મેળવતા હતા. આ પ્રથાને બદલાવીને શહિદોની રાષ્ટ્ર ભક્તિનું સ્મરણ કરવાના સમારોહ તરીકે એટહોમ કાર્યક્રમનું આયોજન થવું જોઇએ.

રાજયપાલશ્રીએ રાષ્ટ્રીય પર્વોની રાજયકક્ષાની ઉજવણી જિલ્લા કક્ષાએ કરવાના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નિર્ણયને આવકાર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, આવા પ્રયાસોના કારણે રાષ્ટ્રીય પર્વો ખરા અર્થમાં લોકોત્સવ અને વિકાસોત્સવ બની રહયા છે. રાજયપાલશ્રીએ રાષ્ટ્રના વિકાસમાં સૌરાષ્ટ્ર પ્રદેશના ઉદ્યોગ શ્રેષ્ઠીના યોગદાનને આ તકે બિરદાવ્યુ હતું. એટહોમ કાર્યક્રમમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી, શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રીમતી અંજલીબેન રૂપાણી, સહિતના મહાનુભાવો, નગર શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં રાજકોટના સંગીતકાર પંકજ ભટ્ટ અને તેમની ટીમે રાષ્ટ્રભક્તિ ગીતો પ્રસ્તુત કર્યા હતા.



## શાસ્ત્રી મેદાન ખાતે યોજાયેલ હસ્તકલા પ્રદર્શન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખુલ્લું મૂક્યું

### એવોર્ડ વિજેતા કલાકારોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રશસ્તિ પત્ર આપી સન્માન

**૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અન્વયે રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે તા.૨૫-૦૧-૨૦૨૦ના રોજ યોજાયેલ હસ્તકલા પ્રદર્શનને પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખુલ્લું મૂક્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિવિધ કલાના સ્ટોલનું નિરીક્ષણ કરી હસ્તકલા કસબીઓની કારીગરીને બીરદાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ના હસ્તે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ વિજેતા ૧૩ થી વધુ કલાકારોને પ્રશસ્તિપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોતાની વૈવિધ્યપૂર્ણ તથા સમૃદ્ધ હસ્તકલાઓ જેવી કે, પટોળા, બાંધણી, ભરતકામ, બાટીક, કલાત્મક વણાટ, ચર્મકળા, કાષ્ઠ કલા, વાંસકામ, રોગન કલા, ટાંગલીયા, ખાદી, માટી કામ માટે સમગ્ર દેશ તથા દુનિયામાં જાણીતું છે. આ હસ્તકલાઓ વિવિધ સમુદાયોને અનેરી સંસ્કૃતિની પ્રતીતિ કરાવે છે, સાથો-સાથ આ હસ્તકલા સાથે હજારો કલાકારોની આજીવિકા પણ જોડાયેલી છે. ગુજરાતના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં પથરાયેલી આ કલાઓનો બહુમુખી વિકાસ થાય તથા તેને સમગ્રલક્ષી પ્રોત્સાહન મળે તે હેતુથી રાજકોટ સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે હસ્તકલા પર્વ-૨૦૨૦નું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રસંગે અન્ન, નાગરિક અને પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા, મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, મેયર શ્રી બિનાબેન આચાર્ય, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, જિલ્લા કલેક્ટરશ્રી રેમ્યા મોહન, અગ્રણીશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, શ્રી અંજલિબેન રૂપાણી, અધિક નિવાસી કલેક્ટરશ્રી પરિમલ પંડ્યા, ડે. કલેક્ટરશ્રી સિદ્ધાર્થ ગઢવી, ઈન્ડેક્સ - સીના મેનેજરશ્રી આર. આર જાદવ, નિયામકશ્રી આર. કે. પટેલ, સહિતના મહાનુભવો તથા હસ્તકલા પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.**